# ૪.૬ વિશ્વનો સમાવેશ નવતત્ત્વમાં.

અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતો જીવ વિવિધ પ્રકારના જીવભેદોમાં કેવી રીતે ભટકે છે? કેવી કેવી યાતનાઓ સહન કરે છે? આ સમગ્ર વિશ્વમાં જીવ અજીવ વિગેરે નવતત્ત્વો આપણને પરિભ્રમણમાંથી કેવી રીતે મુક્ત કરી, મોક્ષ પ્રાપ્તિ કરવાનો ઉપાય બતાવે છે, તે સમજવું જરૂરી છે.

મૂળમાં આ લોકાકાશમાં બે તત્ત્વો છે. જીવ અને અજીવ.

જીવ ચૈતન્યસ્વરૂપ છે, જ્યારે અજીવ જડ સ્વરૂપ છે. આ જીવ પુદ્ગલના આલંબને અવસ્થિત થઈને શુભ અને અશુભ કર્મો કરે છે. એમાં શુભ પ્રકૃતિ થી કરેલાં કર્મો જીવને સુખ આપે છે. તે પુણ્ય તત્ત્વ છે. અને તેથી વિપરીત અશુભ કર્મો જીવને દુ:ખ આપે છે. તે પાપ તત્ત્વ છે.

ચેતન સાથે કર્મોને મળવાનો માર્ગ તે આસ્રવ છે. આસ્રવ કર્મ પ્રવેશનું દ્વાર છે. એનાથી જ વિષયકષાયાદિમાં મન–વચન–કાયાનો વ્યાપાર શક્ય બને છે. કર્મોને આવતાં રોકવાં તે સંવર છે. સંવર કર્મોના આસ્રવનો નિરોધ કરે છે. વિરતિ, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, યતિધર્મ વગેરે આ સંવર તત્ત્વનો ભાગ છે. જે કર્મો આત્માને લાગી ચૂકયાં છે એને ખંખેરી નાખવાં તે નિર્જરા છે. બાર પ્રકારનાં તપ દ્વારા આવી કર્મનિર્જરા શકય બને છે. કર્મોનો આત્મા સાથેનો સંયોગ તે બંધ છે. અને કર્મોનો સંપૂર્ણ ક્ષય થવો, બંધાયેલાં કર્મોથી જીવનો આત્યંતિક વિયોગ થવો તે મોક્ષ છે.જ્ઞાન અપાર અને અનંત છે. માત્ર કેવળજ્ઞાની જ તે જ્ઞાનને પામી શકે છે. આવું કેવળજ્ઞાન પામવા માટે સર્વ પ્રથમ ‘નવતત્ત્વ’નું જ્ઞાન હોવું આવશ્યક અને અનિવાર્ય છે. અનંતજ્ઞાન એ ‘નવતત્ત્વ’નો જ બૃહદ્ વિસ્તાર છે. તેના જ્ઞાન અને શ્રદ્ધાથી સાધક પોતાના આત્માનું કલ્યાણક નિ:શંક સાધી શકે છે.

આ નવતત્ત્વ આ પ્રમાણે છે:

૧. જીવ, ૨. અજીવ, ૩. પુણ્ય, ૪. પાપ, ૫. આશ્રવ, ૬. સંવર, ૭. નિર્જરા, ૮. બંધ, ૮. મોક્ષ.

જૈન ધર્મ કહે છે કે જે આ નવ તત્ત્વને જાણે છે, જેને આ નવ તત્ત્વમાં રસ, રુચિ અને શ્રદ્ધા છે, તે જ આત્મસાધનાનો અધિકારી સાધકને સમકિતી કે સમ્યગ્દૃષ્ટિ કહે છે.

નવ તત્ત્વના જ્ઞાન અને શ્રદ્ધાને સમ્યકત્વ કહે છે, અથવા સમકિતી પણ કહે છે. સમકિતી એ મોક્ષયાત્રાનું પ્રથમ ચરણ છે. એ ચરણ ઉપાડ્યા વિના, સમકિતીની પ્રાપ્તિ કર્યા વિના મોક્ષ મળતો નથી.



# સંક્ષેપમાં નવ તત્ત્વ:

૧. જીવ તત્ત્વ:

જીવને આત્મા કહે છે. તે ચેતનામય અરૂપી સત્તા છે. ચેતનાની ક્રિયા (ઉપયોગ) એ તેનું લક્ષણ છે. જ્ઞાન, દર્શન, સુખ–દુ:ખ આદિ દ્વારા તે વ્યક્ત થાય છે. જીવ ૫૬૩ પ્રકારના છે.

૨. અજીવ તત્ત્વ:

જેનામાં ચેતના નથી– આત્મા નથી તે અજીવ છે. જડ છે. સદાને સર્વથા તે નિર્જીવ રહેવાથી અજીવ કહેવાય છે. અજીવ તત્ત્વ ૫૬૦ પ્રકારનાં છે.

jainuniversity.org

૩. પુણ્ય તત્ત્વ :

મન, વચન અને કાયાની શુભવૃત્તિ, શુભ વિચાર અને શુભ આચારથી આત્મા જે શુભ કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, તેને પુણ્ય તત્ત્વ કહે છે.

પુણ્ય કર્મ નવ પ્રકારે બંધાય છે. ૧. ભૂખ્યાને જમાડવાથી, સાધુ–સંતો આદિને ભિક્ષા આપવાથી. તેને અન્નદાન કહે છે, ૨. તરસ્યાને પાણી પાવાથી અર્થાત્ જલદાનથી, ૩. વાસણના દાનથી, ૪. શય્યા–મકાનના દાનથી, ૫. વસ્ત્ર દાનથી, ૬. મનથી સહુ કોઈનું, યોગક્ષેમ વિચારવાથી, ૭. ગુણાનુવાદ કરવાથી, ૮. જ્ઞાની–તપસ્વી–ગુણીજનો આદિની સેવા કરવાથી અને ૯. સુયોગ્યને સુપાત્રનો વિનય–બહુમાન કરવાથી.

પુણ્ય કર્મ કરનાર ૪૨ પ્રકારનાં સુફળ ભોગવે છે.

૪. પાપ તત્ત્વ :

મન,વચન અને કાયાની અશુભ વૃત્તિ, અશુભ વિચાર અને અશુભ આચારથી આત્મા જે અશુભ કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે તેને પાપ તત્ત્વ કહેવાય છે.

પાપ કર્મ ૧૮ પ્રકારે બંધાય છે. ૧. જીવહિંસા, ૨. જૂઠ, ૩. ચોરી, ૪. વ્યભિચાર, ૫. સંગ્રહ પર મમત્વ, ૬. ક્રોધ, ૭. માન, ૮. માયા, ૯. લોભ, ૧૦. રાગ (આસક્તિ, ૧૧. ઈર્ષ્યા (દ્વેષ), ૧૨. કલેશ–કંકાસ, ૧૩. ખોટું આળ, ૧૪. ચાડી–ચુગલી, ૧૫. નિંદા–કુથલી, ૧૬. હરખ–શોક (રતિ–અરતિ), ૧૭. કપટ–સહિત જૂઠ અને ૧૮. અસત્ય મતની શ્રદ્ધા (મિથ્યાત્વ) – આ અઢાર માંથી કોઈ એક કે વધુનું આચરણ કરવાથી આત્મા પાપ કર્મથી બંધાય છે. 'પાપ કર્મ' કરનાર ૮૨ પ્રકારના કુફળ ભોગવે છે.

૫. આસ્રવ તત્ત્વ :

જે માર્ગોથી આવીને એ કર્મ પુદ્‌ગલો આત્માને દોષિત કરે છે તે કર્મ–માર્ગોને આસ્રવ તત્ત્વ કહે છે.

બાલ્દી કે તપેલું વગેરે વાસણ અખંડ અને આખું હોય તો તેમાં નીચેથી કે બાજુએથી પાણી ભરાતું નથી. વહાણમાં છિદ્ર ન હોય તો તેમાં પણ પાણી ભરાતું નથી, પરંતુ છિદ્રવાળું વહાણ હોય તો તેમાં પાણી ભરાઈ જાય છે. તે પ્રમાણે કર્મોને આવવાના છિદ્રોને આસ્રવ કહ્યા છે. અર્થાત્ આસ્રવ એટલે કર્મોને આત્મામાં વહી આવવાના નાળા–ગરનાળા. જીવાત્માને ભવસાગરમાં ડૂબાડી દેતાં આસ્રવનાં ૪૨ પ્રકારના છિદ્રો કે નાળા છે.

૬. સંવર તત્ત્વ:

સંવર એટલે રોકવું. જે માર્ગોથી કે નિમિત્તોથી કર્મો આત્મા ઉપર ખટકાય છે તે માર્ગોને બંધ કરી દેવો કર્મ–નિરોધ કરવો તે સંવર તત્ત્વ છે.

૭. નિર્જરા તત્ત્વ:

સંવરના આચરણથી કર્મો તો આવતાં અટકી ગયા, પરંતુ ભૂતકાળના આસ્રવ દ્વારા જમા થયેલાં કર્મોનો પ્રશ્ન ઊભો રહે છે. આ સંચિત કર્મોનો ક્ષય કરવો તેને નિર્જરા તત્ત્વ કહે છે.

નિર્જરા ૧૨ પ્રકારથી થાય છે. આ બાર પ્રકાર એટલે જૈન ધર્મની આહાર સંહિતામાં નિર્દિષ્ટ ૧૨ પ્રકારનાં તપ.

૮. બંધ તત્ત્વ:

આસ્રવ અને નિર્જરા – આ બે તત્ત્વોની વચ્ચેની સ્થિતિ બંધ છે. આત્માની સાથે સંયુક્ત કર્મયોગ્ય પરમાણુ કર્મરૂપમાં પરિવર્તન થવાની પ્રક્રિયાને બંધ તત્ત્વ કહે છે.

દૂધમાં પાણી, તલમાં તેલ, ફૂલમાં અત્તર રહેલ છે તેમ આત્મા અને કર્મ પુદ્ગલ એકમેકમાં બંધાઈ રહે તેને બંધ તત્ત્વ કહેછે. આ બંધ તત્ત્વ ચાર પ્રકારનું છે. ૧) સ્પુષ્ટ, ૨) બદ્ધ, ૩) નિધત્ત, ૪) નિકાચિત.

૯. મોક્ષ તત્ત્વ :

તમામ પ્રકારના કર્મોનો સંપૂર્ણ ક્ષય થવો તેને મોક્ષ કહે છે.

સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને તપ – આ ચારના ઉત્કટ અને વિશુદ્ધ આચરણથી મોક્ષ મળે છે.

આ નવ તત્ત્વમાંથી જીવ અને અજીવ તત્ત્વો જાણવા યોગ્ય (જ્ઞેય) છે.

પાપ, આસ્રવ અને બંધ ત્યાગ કરવા યોગ્ય (હેય) છે.

અને પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ – આ ચાર તત્ત્વો આચરણીય (ઉપાદેય) છે.

**નવ જ તત્ત્વ ક્રમસર શા માટે?**

જ્યાં સુધી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને, પોતાના ગુણોને અને સંસારમાં પરિભ્રમણ કરી રહેલ પોતાના પર્યાયોને જાણે નહીં ત્યાં સુધી અજીવ તત્ત્વના ભેદોને પણ જાણી શકતો નથી... જ્ઞાનીઓએ જીવ તત્ત્વ પછીઅજીવ તત્ત્વ એટલા માટે જણાવેલ છે કે સંસારમાં પરિભ્રમણ કરવામાં અજીવ તત્ત્વ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. ત્યાર બાદ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ તત્ત્વને ક્રમવાર જણાવેલ છે. તેમાં મુખ્ય ઉદ્દેશ તે જણાય છે કે જીવ અજીવ તત્ત્વના સંયોગથી પોતે જે ચાર ગતિમાં ભટકી રહેલ છે તેમાં પુણ્યના પ્રભાવે શક્ય ઈચ્છિત પદાર્થોને અને ભૌતિક સુખને મેળવી શકે છે. પાપના વિપાકથી પ્રતિકૂળ પદાર્થોનો સંયોગ મેળવી દુ:ખની અનુભૂતિ કરે છે. અનાદિકાળથી શુભ અને અશુભરૂપ સંયોગ કરાવવામાં જીવને નિમિત્તભૂત જે ઈન્દ્રિયો આદિના સંયોગ રહેલા છે તે ભાવ ભજવે છે, આને જ્ઞાની ભગવંતોએ આશ્રવ તત્ત્વ કહેલ છે. આશ્રવને કારણે જે ભ્રમણા પેદા થાય છે તે દૂર કરવાના પ્રયત્નો દ્વારા, આવતાં કર્મોને રોકવાં ખૂબ જ જરૂરી છે જે સંવર તત્ત્વ કહેવાય છે. પરંતુ આવતાં કર્મોનું રોકાણ થાય તેટલા માત્રથી જીવનું પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થતું નથી. તે તો ત્યારે થાય જ્યારે સત્તામાં રહેલાં કર્મોનો સર્વથા સંપૂર્ણ ક્ષય થાય. જે નિર્જરા તત્ત્વ રૂપે છે. જેમ જેમ સારામાં સારી રીતે કર્મની નિર્જરા થતી જાય તેમ તેમ બંધાતાં અશુભ કર્મોનો રસ ઓછો થતો જાય અને બંધાતાં શુભ કર્મોનો રસ તીવ્ર બનતો જાય કે જે જીવને મોક્ષની સમીપ લઈ જવામાં સહાયભૂત થાય છે. આ કારણથી નિર્જરા તત્ત્વ પછી બંધ તત્ત્વની પ્રરૂપણા કરેલ છે. ઉત્તરોત્તર ચઢતે પરિણામે શુભ કર્મો દ્વારા શુભ પરિણામમાં મહાલતો જીવ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરી મોહનો સંપૂર્ણ નાશ કરવા દ્વારા વીતરાગ દશાને પામી, કેવળજ્ઞાન મેળવી યોગનો પણ સંપૂર્ણ નિરોધ કરીને સંપૂર્ણ સંવર ચારિત્ર અને સંપૂર્ણ નિર્જરારૂપ ચારિત્ર પ્રાપ્ત કરી પોતાના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ તત્ત્વને મોક્ષ પામે છે.

આ નવ તત્ત્વોને જ્ઞાની ભગવંતોએ વિવક્ષાથી સાત–પાંચ–બે તત્ત્વોરૂપે પણ ભેદ પાડેલા છે.. પુણ્ય–પાપને આશ્રવમાં ગણવાથી સાત ભેદ થાય... સંવર તથા નિર્જરાને મોક્ષ તત્ત્વમાં ભેળવાથી–જીવ, અજીવ, આશ્રવ, બંધ અને મોક્ષ એમ પાંચ ભેદ થાય... બે તત્ત્વોનાં નામ (૧) જીવ (૨) અજીવ... જીવ તત્ત્વમાં જીવ, સંવર, નિર્જરા અને મોક્ષને ગણેલ છે. આ નવ તત્ત્વના ઉત્તરભેદ ૨૭૬ થાય છે. આ નવ તત્ત્વ દ્વારા કેવળજ્ઞાની ભગવંતોએ લોકાલોકનું સંપૂર્ણ સ્વરૂપ દર્શાવી દીધું છે.

જગતમાં જે વર્તમાન શિક્ષણ અપાય છે તે અજ્ઞાન અથવા કુજ્ઞાન છે. તેનાથી સંસારભ્રમણ છૂટે નહિ. જીવે આખરે તો પોતાના આત્માને જાણ્યા-માણ્યા સિવાય છૂટકો નથી. આ નવ તત્ત્વ જેમ પ્રરૂપ્યાં છે તેમ યથા-તથ્ય વસ્તુરૂપે જાણે, હ્દયમાં ઊતારે, અને સદ્દહણા (શ્રદ્ધા)કરે તો સમ્યક્ત્વ શ્રદ્ધા પામે અને પ્રભાવિક આત્મજ્ઞાનનો ઉદય થાય.

*"તત્ત્વ જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ,*
*તો પામે સમકિતને, વર્તે અંતર શોધ."*

આ શ્રદ્ધા (વ્યવહારસમ્યક્ત્વ) તે સાધન છે. જ્યારે આત્માની અનુભૂતિ તે સાધ્ય છે. મોટા ભાગના લોકોને તત્ત્વજ્ઞાન (આત્મજ્ઞાન)ઉપર રુચિ જાગતી નથી.. કેટલાક જાણે છે તો, નથી જાણતાની પેઠે વર્તે છે. કારણ આ જીવોને સંસારનો ત્રાસ હજુ ત્રાસરૂપે લાગતો જ નથી... અને તેઓ ત્રાસ નહિ પણ આનંદ માને છે.

### જીવ તત્ત્વ

## જીવતત્ત્વની વિશેષતા

જીવ અર્થાત્ આત્મા. તે સાદિદ આદિકાળથી જ્ઞાતાસ્વરૂપ છે. ત્રિકાળ-જ્ઞાનસ્વરૂપ છે. પરંતુ જીવ પોતે જ પોતાને જાણતો નથી અને શરીર છે તે હું જ છું- શરીરનું કાર્ય હું કરું છું - એવું માને છે. શરીર સ્વસ્થ હોય તો મને આનંદ થાય, બાહ્ય અનુકૂળ સંજોગોથી, હું સુખી અને પ્રતિકૂળ સંજોગોથી હું દુ:ખી. હું ધનવાન- હું નિર્ધન, હું બલવાન - હું નિર્બલ, હું સુંદર... હું કુરૂપ - એવું માને છે. આવી રીતે જીવ અજ્ઞાનને કારણે પરને સ્વસ્વરૂપ માનતાં પોતાના સ્વતત્ત્વનો (જીવતત્ત્વનો) ઈન્કાર કરે છે તેથી તે જીવતત્ત્વ સંબંધી ગંભીર ભૂલ કરે છે. આત્મા નિત્ય પદાર્થ છે. તે કોઈપણ કાળે કોઈપણ સંયોગોથી ઉત્પન્ન થઈ શકે નહિ. તે ચેતન પદાર્થ છે. તે દેહથી ભિન્ન છે. ચૈતન્યગુણ (દર્શન અને જ્ઞાનગુણ) હોવાથી ઈન્દ્રિયો વિના પણ બધું જ જોઈ શકે અને જાણી શકે. જીવ કેવો છે એ પ્રશ્નના ઉત્તરમાં સર્વજ્ઞ ભગવાન કહે છે -જીવ રસરહિત, રૂપરહિત, ગંધરહિત, સ્પર્શરહિત, અવ્યક્ત (અર્થાત્ ઈન્દ્રિયગ્રાહ્ય કે યંત્રગ્રાહ્ય નથી.) ચેતના જેનો મુખ્ય ગુણ છે. એવો શબ્દરહિત, કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો જાણ... તે જગતમાં અનેક નામથી ઓળખાય છે. - આત્મા, સમય, રામ, લલના, નિજમા, સોલ, રૂહ વગેરે.

## જીવનું સ્વરૂપ

જેમ સાકરના સ્વાદનું વર્ણન શબ્દોથી ન થઈ શકે તે તો અનુભવગોચર છે. તેમ આત્માનું વર્ણન શબ્દોથી યથાર્થ ન થઈ શકે. પણ તે છે જ. સર્વજ્ઞે જે શુદ્ધ આત્માને જાણ્યો અને અનુભવ્યો તેનું તેઓશ્રી અન્ય કોઈ રીતે તેનું વર્ણન ક્યાંથી કરી શકે? સમ્યક્ શ્રદ્ધાના હેતુરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી શાસ્ત્રોમાં આત્માના સ્વરૂપની ઝાંખી બતાવી છે.




અર્થ : જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ, આ રીતે જીવના છ (૬) લક્ષણો છે. (અથવા જીવ આ છ અભ્યંતર લક્ષણવાળો છે.)

## જીવમાત્રના લક્ષણ

ઉપયોગ (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યનો) ઉપગ્રહ : ચેતના શક્તિ; દ્રવ્ય-ભાવ પ્રાણોનો ધારક વગેરે જ્ઞાની પુરુષોએ જે પ્રકારે આત્માને જાણ્યો છે, જોયો છે અને અનુભવ્યો છે તેનું વર્ણન કરતા જણાવે છે- 'સમતા, રમણતા, ઉદ્ધ્વેત્તા, જ્ઞાયકતા, સુખભાસતા, વેદકતા, ચૈતન્યતા ' 'એ સબ જીવ વિલાસ'

જ્ઞાન - જાણવાની ક્રિયા (વિશેષ ઉપયોગ).

દર્શન - જોવાની ક્રિયા (સામાન્ય ઉપયોગ).

ચારિત્ર - પ્રવૃતિ રૂપ ક્રિયા.

તપ - ઈચ્છાશક્તિ, તપનક્રિયા.

વીર્ય - શક્તિ, બળ, પુરુષાર્થ.

ઉપયોગ - જ્ઞાન દર્શનાદિનો ભાવ.

નિગોદ તથા સૂક્ષ્મ જીવોથી માંડીને જીવ ચૈતન્ય સ્વરૂપ હોવાથી, જીવમાત્રમાં જ્ઞાન-દર્શન અર્થાત્ મતિ તથા શ્રુતજ્ઞાનનો ઉપયોગ અલ્પાંશે પણ પ્રગટપણે હોય છે.

## જીવના અસાધારણ ભાવ પાંચ છે.

(૧) ઔપશમિક ભાવ - કર્મોના ઉપશમ સાથેના સંબંધોવાળો આત્માનો જે ભાવ થાય છે તેને ઔપશમિક ભાવ કહે છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને જડકર્મનું પ્રગટ ફળ ન આવવું તે કર્મનો 'ઉપશમ' એટલે સત્તામાં આવરણનું રહેવું. ગૃહ-કુટુંબ આદિ ભાવને વિષે તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય તેનું મંદ થવું તે 'ઉપશમ' છે.

(૨) ક્ષાયિક ભાવ - કર્મોના સર્વથા નાશ થવાના સંબંધોવાળા આત્માનો જે અત્યંત શુદ્ધ ભાવ પ્રગટ થાય તે ક્ષાયિકભાવ કહેવાય છે. આત્માના સંપૂર્ણ પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મ-આવરણનો નાશ થવો તે કર્મનો ક્ષય છે. ક્ષાયિકભાવ વર્તમાનમાં આ ક્ષેત્રે નથી.

(૩) ક્ષાયોપશમિક ભાવ - આત્માના અપૂર્ણ પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મનો આંશિક અધકચરો પુરુષાર્થ હોય છે. જેમ જેમ વધારે ઉદ્યમ કરે તેમ તેમ સંપૂર્ણ પુરુષાર્થ પામી જાય છે.

(૪) ઔદયિક ભાવ - કર્મોના ઉદય સમયે અજ્ઞાન અને મિથ્યાત્વથી આત્માનો જે વિકાર થાય છે તેને ઔદયિક ભાવ કહે છે.

(૫) પારિણામિક ભાવ - કર્મોનો ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ અથવા ઉદયથી અપેક્ષા રાખ્યા સિવાય જીવનો જે સ્વભાવ માત્ર હોય તેને 'પારિણામિક' ભાવ કહે છે. ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવો મોક્ષના કારણરૂપ છે. પરંતુ શુદ્ધ પારિણામિક ભાવ મોક્ષનું કારણ નથી. પણ તે શક્તિરૂપ મોક્ષ જ છે. શુદ્ધ પારિણામિક ભાવ ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી.

## જીવની લાયકાત:

(અ)(૧) ભવ્ય – સિદ્ધ થવાની યોગ્યતાવાળા

(૨) જાતિભવ્ય – યોગ્યતા ખરી પણ ક્યારેય મોક્ષની સામગ્રી પ્રાપ્ત થાય નહિ.

(૩) અભવ્ય – સિદ્ધ થવાને અયોગ્ય.

જેમ માટીનો ઘડો બને પણ રેતીનો ન બને. તેવી જ રીતે ભવ્ય–અભવ્યમાં સ્વભાવથી જ ભેદ હોય છે. અભવ્યથી ભવ્ય જીવો અનંતગુણા અધિક છે પણ ક્યારેય સર્વે ભવ્યજીવો સિદ્ધ થઈ જાય એમ કદી બનવાનું નહિં જ. (રાજા થવાની યોગ્યતાવાળા બધા રાજા થવા જ જોઈએ એમ ન હોય.) – વ્યવહારિક દૃષ્ટાંતથી સમજાવી શકાય. માટીમાંથી ઘડો બને પરંતુ દુનિયાની તમામ માટીના ઘડા બની જતા નથી. જે માટીને કુંભાર, ચાકડા આદિનો જોગ મળે તે જ માટી ઘડારૂપ થઈ શકે છે... તે પ્રમાણે જે ભવ્ય જીવને સુદેવ, સુગુરુ અને સુધર્મનો યોગ પ્રાપ્ત થાય છે તે જીવો સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર વડે કર્મ બંધનને તોડી પાડી મુક્ત થઈ શકે છે પણ બધા નહિ.

(બ) શ્રી ઠાણાંગ સૂત્રમાં વિવિધ આત્માઓની લાયકાત પ્રમાણે ચોભંગી કહેલ છે.

(૧) સ્વ આત્માનો ભવાંત કરે પણ પરનો ન કરે (પ્રત્યેક બુદ્ધ) કે અશોચ્ચા કેવળી (સિદ્ધના જીવો) કેમ કે તેઓ ઉપદેશમાર્ગ પ્રવર્તાવતા નથી.

(૨) સ્વ આત્માનો ભવાંત ન કરે પણ પરનો કરે (જેમના અમુક ભવ બાકી છે તેવા અચરમ્શરીરી ધર્માચાર્યો અથવા અભવિ સંયતિ – જેમનો ઉપદેશ સાંભળી સાંભળનાર જીવ તે ભવે ભવનો અંત કરી શકે. પણ પોતાના ભવનો અંત ન કરી શકે.

(૩) પોતે તરે અને બીજાને તારે ને શ્રી તીર્થંકર / ગણધર વગેરે.

(૪) પોતે તરે પણ નહિ અને બીજાને તારી પણ ન શકે – મિથ્યાત્વી કુગુરુઓ.

(ક) દેહધારી આત્માઓના ત્રણ પ્રકાર છે.

(૧) બહિરાત્મા – બાહ્ય શરીર અને ઈન્દ્રિયો વડે ઓળખાતો અનુભવાતો આત્મા બહિરાત્મા છે. શરીરને જ આત્મબુદ્ધિએ પોતાને માનનાર તે પાપયુક્ત એવો 'બહિરાત્મા' છે

(૨) અંતરાત્મા – શરીરાદિક પરને પોતાથી ભિન્ન માનનાર, આત્માના અનુભવનો આસ્વાદ લેનાર, આત્મામાં ઉદ્ભવતાં સંકલ્પ–વિકલ્પોથી મન દ્વારા પ્રગટ થતો આત્મા 'અંતરઆત્મા' કહેવાય છે. જ્યારે બહિરાત્મભાવ ટળી જાય છે અને અંતરાત્મ–ભાવ પ્રગટ થાય છે.

(૩) પરમાત્મા – જે આત્મા અખંડ જ્ઞાન આંનદથી પરિપૂર્ણ છે; સર્વ ઘાતીકર્મ વળગાડથી મુક્ત છે; અનંત અવ્યાબાધ સુખ અને અનંત આત્મવીર્યાદિ અતીન્દ્રિય ગુણના સમૂહરૂપ રત્નોના નિવાસસ્થાનરૂપ છે અને અઘાતી કર્મના ક્ષય બાદ અવશ્ય મોક્ષ પામશે તે પરમાત્મા છે.

જીવતત્ત્વના ભેદ – ૧૪ પ્રકારે

જાણવા જેવા થોડા પ્રશ્નો.

પ્ર. આત્મા હોય તો દૃષ્ટિમાં કેમ આવતો નથી?

જ. જ્ઞાનીઓ અનુભવથી કહે છે કે આત્મા, નિત્ય છે અને તેમના અનુભવમાં આવ્યો છે. સાકરના સ્વાદનું યથાર્થ વર્ણન ન થઈ શકે. તે તો અનુભવગોચર છે. જેમ સંજ્ઞી મનુષ્યમાં બુદ્ધિ હોવા છતાં જોઈ શકાતી નથી તેવી રીતે આત્માનું વર્ણન ન થઈ શકે. કારણ આત્મા અરૂપી છે.

પ્ર. આત્મા જો અરૂપી છે તો આત્માને પોતાનું જ્ઞાન કેમ થઈ શકે?

જ. એમ હોવા છતાં આત્માનું જ્ઞાન અવશ્ય થઈ શકે કેમ કે આત્મદ્રવ્યમાં 'પ્રમેયત્વ' (બુદ્ધિથી જાણી શકાય તેવો) ગુણ રહેલો છે માટે તે જાણી અને અનુભવી શકાય તેવો છે, જો જીવ યથાર્થ પુરુષાર્થ કરે તો આત્માને પોતાનું જ્ઞાન અવશ્ય થાય... આ અનુભવને 'સમ્યક્ દર્શન' થયું કહેવાય. આત્મા અરૂપી છે એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શરહિત વસ્તુ છે પણ કાંઈ અવસ્તુ નથી.

પ્ર. આત્મા શું અલખ–અગોચર–નિરાકાર છે?

જ. જડ ઈન્દ્રિયોથી આત્મા જણાય તેવી નથી કે તેના ગુણ લખી શકાય તેવા નથી. તેથી અલખ–અગોચર કહે છે. પણ આત્મામાં જ્ઞાનગુણ તેમ જ પ્રમેયત્વ ગુણ હોવાથી સ્વસંવેદન જ્ઞાનથી આત્મા અવશ્ય જણાય–અનુભવાય તેવો છે. દરેક આત્માને અરૂપી આકાર છે જ પણ ઈન્દ્રિયગ્રાહ્ય ન હોવાની અપેક્ષાએ નિરાકાર કહેવાય છે.

પ્ર. જીવ એક છે કે અનેક?

જ. જીવો અનેક છે. સર્વ ભિન્ન ભિન્ન છે. અને સર્વની પ્રત્યક્ષ ભિન્ન ભિન્ન ક્રિયાઓ છે. સ્વરૂપથી સમાન હોવા છતાં સત્તાથી સમાન – એક નથી. જો એક હોત તો એકની મુક્તિ એ સર્વની મુક્તિ થવી જ જોઈએ. પણ એમ થતું નથી માટે આત્મા અનેક છે.

પ્ર. જીવ એકેન્દ્રિયપણાને પામે ત્યારે તેના ગુણો ઘટે કે પંચેન્દ્રિયપણામાં તેના ગુણો વધે?

જ. ના, કારણકે દ્રવ્યમાં 'અગુરુલઘુત્વ' નામનો ગુણ છે તેથી તેના ગુણોની સંખ્યા કદી વધતી–ઘટતી નથી. દ્રવ્ય તથા ગુણો સદાય સર્વકાળે સર્વ સ્થિતિમાં પૂર્ણ શક્તિવાળાં જ રહે છે. ફક્ત વર્તમાન પર્યાયમાં જ ફેરફાર (પરિણમન) થાય છે.

પ્ર. પ્રત્યેક જીવ કેવડો મોટો છે?

જ. પ્રત્યેક જીવ આત્મ પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ લોકાકાશની બહાર અસંખ્યાત પ્રદેશોવાળો છે પરંતુ સંકોચ–વિસ્તારની શક્તિને કારણે પોતાના વર્તમાન શરીરપ્રમાણ હોય છે. મુક્ત જીવની ચેતના શરીરના ૨/૩ પ્રમાણ હોય છે. કેવળી સમુદ્ઘાત કરનાર જીવ લોકાકાશ જેવડો મોટો થાય છે.

પ્ર. જીવ છે તેટલા જ રહે કે વધઘટ થાય?

જ. જીવ અનાદિ કાળથી જેટલા છે તેટલા જ અનંતકાળ પર્યંત રહેવાના. તેમાં એક પણ વધે કે ઘટે નહિ.

પ્ર. હાથીનો આત્મા મોટો કે કીડીનો?

જ. બન્નેનો આત્મા સરખો છે.

પ્ર. હાથી મરીને કીડી થાય તો તેનો જીવ એટલાં નાના શરીરમાં કેમ સમાઈ શકે?

જ. એક દીવો આખા ઓરડામાં અજવાળું આપે છે પણ તે જ દીવા ઉપર એક વાસણ ઢાંકીએ તો તેટલા જ ભાગમાં તેનું અજવાળું સમાઈ જાય છે. તેવી રીતે જીવ પણ શરીર પ્રમાણે રહે છે.

પ્ર. આત્મા મોક્ષ પામતાં જ્યોતમાં મળી જાય છે. એવું માનવામાં શો દોષ આવે?

જ. એમ માનનારે જીવનો અસ્તિત્વ ગુણ અને અગુરુલઘુત્વ ગુણને સ્વીકાર્યો નહિ. વળી મોક્ષ પામનાર જીવ સ્વતંત્ર અને સુખી ન થયો પણ નાશ પામ્યો. એવું માનવાનો દોષ આવે છે.

jainuniversity.org

પ્ર. જીવ સિદ્ધ થયા પછી બીજા સિદ્ધના જીવો સાથે એકમેક થાય છે?

જ. ના, જુદા જુદા પ્રત્યેક દીવાનો પ્રકાશ એક થઈ ગયા છતાં જેમ દીવાઓ જુદા જુદા છે. એ ન્યાયે પ્રત્યેક સિદ્ધ આત્મા જુદા જુદા છે.

પ્ર. આત્મા શું કરે છે? તે કઈ કઈ વસ્તુનો કર્તા છે?

જ. કંઈને કંઈ પરિણામ સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ જ્ઞાનીઓએ પ્રરૂપ્યું છે : પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે, અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય- વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે, ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે. અર્થાત્ ઘટપટાદિ પદાર્થના મૂળ દ્રવ્યનો તે કર્તા નથી પણ તેને કોઈ રૂપ, રંગ, આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્તા છે. તેને જૈન ધર્મ કર્મ કહે છે. વેદાંત ભ્રાંતિ કહે છે. અજ્ઞાન દશામાં કષાયો આદિ પ્રકૃતિનો કર્તા છે.

પ્ર. અનંતકાળથી રખડતો જીવ અનંતાઅનંત કર્મોથી કેવી રીતે છૂટી શકે? વિશ્વમાં ઘણા મત, ધર્મ, દર્શન છે અને દરેક જુદો જુદો ઉપાય કહે છે. તો સાચું શું સમજવું? કઈ જાતિમાં મોક્ષ મળે?

જ. કર્મબંધથી વિપરીત સ્વભાવવાળા એવાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વૈરાગ્ય, સમાધિ, ભક્તિ આદિ સાધનો પ્રત્યક્ષ છે. જે સાધનાના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે. ક્ષીણ થાય છે માટે ઉપરોક્ત સાધનો મોક્ષપદના ઉપાય છે. જેમ કરોડ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં દૂર થાય છે... જેમ ગાઢ અંધકાર દીવો પ્રગટતાં દૂર થાય છે. તેમ અનાદિનો પરભાવ, જ્ઞાન થતાં દૂર થાય છે. દેહાધ્યાસ છૂટે એવો પુરુષાર્થ તે સાચો ધર્મ છે અને તે ધર્મથી મોક્ષ છે.

પ્ર. આત્મ સર્વપ્રકાશક છે કે સર્વવ્યાપક છે?

જ. જેને જૈન સર્વપ્રકાશકતા કહે છે તેને વેદાંત સર્વવ્યાપકતા કહે છે. સિદ્ધ આત્મા લોકાલોકપ્રકાશક છે. પણ લોકાલોકવ્યાપક નથી, વ્યાપક તો સ્વઅવગાહના પ્રમાણ છે. જે મનુષ્યદેહે સિદ્ધિ પામ્યા, તેના ત્રીજા, ભાગ ઉણે તે પ્રદેશે ઘન છે, એટલે આત્મદ્રવ્ય લોકાલોકવ્યાપક નથી પણ લોકાલોકપ્રકાશક અર્થાત્ લોકાલોકજ્ઞાયક છે.

પ્ર. શરીરમાં જીવ કઈ જગ્યાએ રહેતો હશે તે સમજાવો.

જ. આખા શરીરમાં (સર્વાંગ) જીવ વ્યાપી રહ્યો હોય છે. અને તલમાં તેલ, દૂધમાં ઘી અને ફૂલમાં સુગંધ રહે છે તેની જેમ સર્વાંગે વ્યાપેલો હોય છે.

પ્ર. લોકમાં ભવ્ય જીવો ઝાઝા કે અભવ્ય?
જ. અભવ્યથી ભવ્ય જીવો અનંતગુણા અધિક છે.

પ્ર. અભવ્ય જીવો જૈન ધર્મ પામે ખરા?
જ. અભવ્ય જીવો પણ શ્રાવકના અને સાધુના વ્રત અંગીકાર કરે છે. સૂત્ર-સિદ્ધાંત ભણે છે. છતાં તત્ત્વથી મોક્ષની રૂચિ ન હોવાથી સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી અને તેથી તેઓ જ્ઞાનીની દૃષ્ટિએ તો અજ્ઞાની અને મિથ્યાત્વી જ છે.

પ્ર. ભવ્ય કે અભવ્યને બાહ્ય કરણીનું ફળ સરખું જ મળે?
ઉ. હા, મરી ને સારી કરણીનું ફળ મારું અને બૂરી કરણીનું બૂરું ફળ મળ્યા વગર રહેતું જ નથી. અભવ્ય જીવો પણ સાધુનાં મહાવ્રત ઉત્તમ રીતે પાળી નવમા ગ્રૈવેયક દેવલોક સુધી જઈ શકે છે.

પ્ર. દુનિયામાં જીવ પહેલો છે કે ધર્મ?
જ. બન્ને અનાદિ જ છે ; જીવ પહેલો હોય તો એ વિમળ વસ્તુને મળ વળગવાનું શું કારણ? કર્મ પહેલાં કહો તો જીવ વિના કર્મ કર્યાં કોણે? ... એ ન્યાયથી બન્ને અનાદિ છે જ.

જીવ તત્ત્વ જાણવાનો ઉદ્દેશ : 'આત્મવાદ' પ્રાપ્ત કરવો. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર- શ્રુતસ્કંધ ૧, અધ્યયન ૧૬, ગાથા ૫ ઉપર ટીકાકાર શ્રી શીલાંકાચાર્ય તે 'આત્મવાદ' શબ્દનો અર્થ એમ કહેતા હતા કે 'ઉપયોગ' છે મુખ્ય લક્ષણ જેનું, અસંખ્યાત પ્રદેશી, સંકોચ વિકાસનું ભાજન, પોતાનાં કરેલાં કર્મોનો ભોક્તા, વ્યવસ્થાએ કરી દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, નિત્યાનિત્યાદિ અનંત ધર્માત્મક એવા આત્માને જાણનાર. સર્વથી સર્વ પ્રકારે હું પરથી ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું શાશ્વત આત્મા છું. ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ખેદ શો? ભય શો? હું માત્ર નિર્વિકલ્પ, સત્-ચિત્ત-આનંદ સ્વરૂપી જ્ઞાતા દ્રષ્ટા છું.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु



# અજીવ તત્ત્વ:

જગતમાં દ્રવ્ય ૬ અને ૬ દ્રવ્યમાંથી જીવ સિવાય ૫ દ્રવ્ય અજીવ તત્ત્વમાં આવે છે (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્‌ગલાસ્તિકાય (૫) કાળ

૧. ધર્માસ્તિકાય – તેના ૪ ગુણ છે (૧) અરૂપી, (૨) અચેતન, (૩) અક્રિય, (૪) ગતિ સહાયક છે જીવ અને પુદ્‌ગલ ને ગતિ કરવામાં સહાયભૂત થાય છે. તેના ૪ પર્યાય છે. (૧) સ્કંધ (૨) દેશ (૩) પ્રદેશ (૪) અગુરુલઘુત્વ પર્યાય.

૨. અધર્માસ્તિકાય – તેના ૪ ગુણ છે. (૧) અરૂપી, (૨) અચેતન, (૩) અક્રિય, (૪) સ્થિતિ–સહાયક. જીવ અને પુદ્‌ગલને સ્થિર રહેવામાં સહાયભૂત થાય છે તેના પણ ૪ પર્યાય ઉપર મુજબ છે.

૩. આકાશાસ્તિકાય – તેના ૪ ગુણ છે. (૧) અરૂપી, (૨) અચેતન, (૩) અક્રિય, (૪) અવકાશદાન. જગતમાં રહેલાં સઘળાંય દ્રવ્યોને જગ્યા આપે છે. તેનાં પણ ૪ પર્યાય ઉપર મુજબ છે.

૪. પુદ્‌ગલાસ્તિકાય – તેનાં ૪ ગુણ છે. (૧) રૂપી, (૨) સચેતન, (૩) સક્રિય, (૪) મીલન– વિખરણ – પુરણ – ગલનરૂપ છે તેના ૫ પર્યાય છે. (૧) વર્ણ, (૨) ગંધ, (૩) રસ, (૪) સ્પર્શ, (૫) અગુરુલઘુ.

૫. કાળદ્રવ્ય – તેના ૪ ગુણ છે. (૧) અરૂપી, (૨) અચેતન, (૩) અક્રિય, (૪) નવા–પુરાણા વર્તના એટલે સમયવાળું એ લક્ષણ છે. તેના ૪ પર્યાય છે. (૧) અતીત, (૨) અનાગત, (૩) આગત, (૪) અગુરુલઘુ.

આ ૫ દ્રવ્યમાંથી કાળદ્રવ્ય સિવાયના બાકીના ૪ને પ્રદેશોનો સમૂહ હોવાથી અસ્તિકાય કહેવાય છે અને કાળદ્રવ્ય વર્તનારૂપ અને સમયવાળો હોવાથી અસ્તિકાય નથી.

સ્કંધ – પ્રદેશોનો (ઓછામાં ઓછો ૨ પ્રદેશોથી શરૂ કરી અનંત પ્રદેશના સ્કંધો સુધી) સમૂહ મળે તે. અર્થાત્ પ્રદેશોનો જથ્થો તે જ સ્કંધ કહેવાય છે. (દા.ત. કળીનો આખો લાડુ)

દેશ – સ્કંધનો અમુક ભાગ સ્કંધથી કાંઈક ઓછો પણ સ્કંધથી સંપૂર્ણ છૂટો ન પડેલો ભાગ તે દેશ કહેવાય છે અને સ્કંધથી છૂટો પડે તો તેનો પણ સ્કંધ કહેવાય છે. (દા.ત. ખંડિત છતાં આખો લાડુ)

પ્રદેશ – જ્ઞાનીની દૃષ્ટિએ પણ બે ભાગ ન થઈ શકે તેવો સ્કંધને લાગેલો છેલ્લો ભાગ તે પ્રદેશ કહેવાય છે. જો તે ભાગ સ્કંધથી છૂટો પડે તો તે પરમાણુ કહેવાય છે. દા.ત. લાડવામાં રહેલી કળી તે પ્રદેશ અને કળીની સૂક્ષ્મમાં સૂક્ષ્મ રજકણ.

અગુરુ–લઘુ – ભારે પણ નહિં અને હલકું પણ નહિ. તેવી અવસ્થા તે અગુરુ લઘુ પર્યાય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૩ | (૧) | સ્કંધ | (૨) | દેશ | (૩) | પ્રદેશ | |
| અધર્માસ્તિકાય ભેદ | ૩ | (૧) | સ્કંધ | (૨) | દેશ | (૩) | પ્રદેશ | |
| આકાશાસ્તિકાય ભેદ | ૩ | (૧) | સ્કંધ | (૨) | દેશ | (૩) | પ્રદેશ | |
| પુદ્‌ગલાસ્તિકાય ભેદ | ૪ | (૧) | સ્કંધ | (૨) | દેશ | (૩) | પ્રદેશ અને પરમાણું તથા એક ભેદ કાળનો | |

આ રીતે અજીવતત્ત્વમાં ૧૪ ભેદ થાય છે.

કાળદ્રવ્યનું વર્ણન : સામાન્ય રીતે કાળ એ દ્રવ્ય નથી પણ પર્યાય છે. ઉપચારથી તેને દ્રવ્ય કહેવાય છે. યોગશાસ્ત્રમાં કહેલ છે કે પદાર્થમાં ફેરફાર કરનારા કાળના અણુઓ લોકાકાશ પ્રદેશમાં જુદાં જુદાં રહેલાં છે. તે મુખ્યકાળ કહેવાય છે. અને લોકાવકાશ પ્રદેશમાં અભિન્ન પણે રહેલા જે કાળના અણુઓ છે તે ભાવોનું પરાવર્તન કરે છે તેથી તે પણ મુખ્યકાળ કહેવાય છે જ્યોતિષશાસ્ત્રમાં સમયાદિનું જે માન કરવામાં આવ્યું છે તે વ્યવહારિક કાળ કહેવાય છે.

વર્તનાદિ લક્ષણોવાળો કાળ તે સમસ્ત દ્રવ્ય ક્ષેત્ર–ભાવ વર્તી છે. પર્યાયવ્યાપી છે જ્યારે સમયાદિ સ્વરૂપકાળ મનુષ્ય ક્ષેત્રમાં જ હોય છે. કાળ પંચાસ્તિકાયના પર્યાયરૂપ છે. જેથી કાળને જીવાજીવ રૂપ પણ કહેલ છે.

અગુરુલણુ પરિણામ છ એ દ્રવ્યમાં હોય છે. નિશ્ચયનયે છએ દ્રવ્યનિત્ય પણ છે અને વ્યવહારનયે અનિત્ય પણ છે.

ધર્માસ્તિકાય : અધર્માસ્તિકાય – આકાશાસ્તિકાય – સ્કંધ પર્યાય વડે નિત્ય છે જ્યારે દેશ–પ્રદેશ– અગુરુલઘુપણે અનિત્ય છે. કાળ એ અતીત–અનાગત અને અગુરુલઘુ પર્યાય વડે અનિત્ય છે જ્યારે વર્તમાન પર્યાય વડે નિત્ય છે. જીવદ્રવ્ય, અરૂપી–અનવગાહ અવ્યાબાધ – આ ૩ પર્યાય વડે નિત્ય છે. અગુરુલઘુ પર્યાય વડે અનિત્ય છે.

અજીવ તત્વના ભેદ:

સંક્ષેપમાં ૧૪... વિસ્તારથી ૫૬૦ ભેદ (પર્યાયો) (અરૂપી અજીવના ૩૦, ભેદ; રૂપી અજીવના – ૫૩૦ ભેદ) અન્ય પર્યાયો નીચે પ્રમાણે દર્શાવ્યા છે. બંધ, સૂક્ષ્મતા. તમસ્ (અંધારું), છાયા, ઉદ્યોત. (ચંદ્ર, મણિ, રત્નાદિ) આતપ (તડકો), સુખ – દુઃખ જીવિત–મૃત્યુ ( ગમે તે કારણે – શસ્ત્ર, અગ્નિ, અકસ્માત, વિષાદિ)

શરીર (ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ )– શરીર ખલુ ધર્મ સાધનમ્ – સંયમ માટે ઉપયોગી છે. – ઉત્તમ સાધન છે – મોક્ષનું સાધન સમ્યક્ જ્ઞાન પણ જ્ઞાનનો આધાર શરીર અને મન છે અને શરીરનો આધાર આહાર (પુદ્ગલ) છે... વચન પણ કરણ છે – પુદ્ગલ જ છે.

બધાં ઉપકણો પુદ્ગલ હોવા છતાં આપણને ઉપકારી સાધન છે.

શ્વાસ/ઉચ્છ્વાસ, પાંચે ઈન્દ્રિયોનીપટુતા, દીર્ઘાયુષ્ય–બધો જ પુદ્ગલનો પ્રભાવ છતાં મોક્ષમાર્ગમાં સહયોગી છે.

પુદ્ગલને જાણવું તે દોષ નથી પણ તેને તાણવું કે તેમાં તણાવું એ જ સંસાર છે.

પુદ્ગલ પાસે જે નથી તે માંગ્યું તેથી જ ભવભ્રમણ ચાલુ છે.

ભોગનો (પુદ્ગલોનો) ત્યાગ કરવાથી આ શરીર (પુદ્ગલરૂપી) યોગ બની જાય છે.

પુદ્ગલને ઉપકરણ બનાવીએ તો ઉપકારી – અધિકરણ બનાવીએ તો નુકશાન.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

## પુણ્ય તત્ત્વ

સામાન્ય રીતે જીવ કોઈ પણ જાતની સારી પ્રવૃત્તિ કરે, દા.ત. બીજા જીવોને શાતા ઉપજાવવાથી, પરોપકાર, દાન, દયા, સત્ય, શીલ, ક્ષમા, તપ–જાપ, યમ–નિયમ; વ્રત–પચ્ચખાણ, વિનય–વૈયાવચ્ચ આદિ સદ્‌ગુણોના સેવનથી અથવા પોતાની પ્રત્યે કોઈ વર્તન કરે અને તે ન ગમે તેવું વર્તન જીવ પોતે બીજા પ્રત્યે ન કરે તેનાથી પુણ્ય (શુભ કર્મ) બંધાય છે. આ પુણ્ય ઉપાર્જિત કરવાના અનેક પ્રકારો હોય છે છતાં સ્થૂળ દૃષ્ટિથી આપ્ત પુરુષોએ નવ પ્રકાર કહેલા છે.

(૧) અન્નપુન્ને : અન્નનું દાન આપવાથી.
(૨) પણપુન્ને : પાણીનું દાન આપવાથી.
(૩) લયણપુન્ને : પાત્ર–વાસણ આદિનું દાન દેવાથી.
(૪) સયણપુન્ને : શય્યા, વસતિ, મકાન આદિ આપવાથી.
(૫) વત્થ પુન્ને : વસ્ત્ર–કાંબળી આદિ આપવાથી.
(૬) મનપુન્ને : મનથી સર્વ જીવોનું ભલું ચિંતવવાથી.
(૭) કાયપુન્ને : શરીરથી બીજાની સેવા, ચાકરી, વૈયાવચ્ચ કરવાથી અને ગુણીજનોને શાતા ઉપજાવવાથી.
(૮) નમસ્કારપુન્ને : મહાઉપકારી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી, વડીલોને વંદન કરવાથી તથા સર્વેની સાથે વિનય કરવાથી.

પાત્ર, વસ્તુ અને ભાવ–પ્રમાણે પુણ્યબંધથી તરમરતા હોય છે...




– આ નવ પ્રકારે પુણ્યના ફળો જીવ ૪૨ પ્રકારે ભોગવે છે.

(૧) શાતા વેદનીય – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવના સંબંધથી આરોગ્ય, ભોગ, ઉપભોગાદિ સામગ્રી દ્વારા સુખની અનુભૂતિ.
(૨) દેવાયુષ્ય,
(૩) મનુષ્યાયુષ્ય,
(૪) તિર્યંચાયુષ્ય (ત્રણેમાં જીવને તેટલી સ્થિતિનું કારણ બને)
(૫) ઉચ્ચગોત્ર,
(૬) દેવગતિ,
(૭) મનુષ્યગતિ,
(૮) પંચેન્દ્રિય જાતિ – પંચેન્દ્રિયપણું પમાડે. દ્રવ્ય ઈન્દ્રિયો અંગોપાંગ નામકર્મ અને ભાવેન્દ્રિયો ઈન્દ્રિયાવરણ મતિજ્ઞાનના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય,

(૯) ઔદારિક શરીર
(૧૦) વૈક્રિય શરીર
(૧૧) આહારક શરીર (લબ્ધિવાળા ૧૪ પૂર્વધરોને પ્રાપ્ત થાય)
(૧૨) તૈજસ શરીર (ઉષ્ણતા ટકાવનારું આહારને પચાવનારું, તેજોલેશ્યા-શીતલેશ્યા આદિ લબ્ધિ અપાવનારૂં)
(૧૩) કાર્મણ શરીર (જીવ પ્રદેશો સાથે ક્ષીરનીર જેમ પરસ્પર ભળી ગયેલ કર્મપ્રદેશો રૂપ)
(૧૪) ઔદારિક અંગોપાંગ (માનવ શરીરના હાથ-પગ વગેરે)
(૧૫) વૈક્રિય અંગોપાંગ (દેવભવના શરીરના હાથ-પગ વગેરે)
(૧૬) આહારક અંગોપાંગ (લબ્ધિધારી ચારિત્રવંત આત્મા એક હાથ પ્રમાણ શરીર બનાવે ત્યારે)
(૧૭) વ્રજઋષભનારાચ સંઘયણ (અતિશય મજબૂત હાડકાઓના સાંધાવાળું જે ત્રીજા-ચોથા આશ સુધી હોય છે)
(૧૮) સમચતુરસ્ર સંસ્થાન (શરીરના હાથ-પગ-ખભા વગેરેના ચોક્કસ ઉત્તમ માન-ઉન્માનના પ્રમાણવાળું)
(૧૯) વર્ણ (લાલ, પીળો,સફેદ શુભ કહ્યા છે)
(૨૦) ગંધ (જીવને સુગંધી શરીરની પ્રાપ્તિ)
(૨૧) રસ (તુરો, ખાટો, મીઠો શુભ કહેવાય છે.)
(૨૨) સ્પર્શ (લઘુ, મૃદુ, ઉષ્ણ સ્નિગ્ધ - શુભ છે.)
(૨૩) શુભ વિહાયોગતિ (હાથી - ઘોડા જેવી શુભ ચાલ પ્રાપ્ત થાય.)
(૨૪) દેવાનુપૂર્વિ (દેવભવમાં જીવ અહીંથી મરીને જાય ત્યારે એક ગતિ વિશેષ કર્મ)
(૨૫) મનુષ્યાનુપૂર્વિ (આનુપૂર્વિ એટલે એક ભવમાંથી બીજા ભવમાં વાટે વહેતાં જીવને વળાંક આપે)
(૨૬) પરાઘાત નામકર્મ (પોતે નબળો હોય, સામો બળવાન હોય છતાં ક્ષોભ પામે
(૨૭) ઉચ્છ્વાસ નામકર્મ (શ્વાસોચ્છ્વાસયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે - પરિણામ પમાડે - વિસર્જન કરે)
(૨૮) આતપ નામકર્મ (જેનું પોતાનું શરીર શીત સ્પર્શવાળું હોય છતાં ઉષ્ણ પ્રકાશરૂપ તાપને ઉત્પન્ન કરે- દા.ત., સૂર્યના વિમાનમાં પૃથ્વીકાય જીવો)
(૨૯) ઉદ્યોત નામ કર્મ (શરીર શીત સ્પર્શવાળું હોય અને શીત પ્રકાશ ફેલાવે)
(૩૦) અગુરુલઘુ નામકર્મ (સુખપૂર્વક વહન અને ધાર કરી શકે તેવું મધ્યમ શરીર)
(૩૧) તીર્થંકર નામકર્મ (૩૪ અતિશયો અને બારગુણોને પ્રાપ્ત કરાવનારી અતિ વિશિષ્ટ પુન્ય સંપતિ)
(૩૨) નિર્માણ નામકર્મ (અંગોપાંગને પ્રમાણપેતે બનાવીને યથાસ્થાને યોગ્યરીતે ગોઠવવા)
(૩૩) ત્રસનામકર્મ (આહાર અને રક્ષણ માટે એક સ્થળેથી બીજે સ્થળે જઈ શકે.)
(૩૪) બાદર નામકર્મ (જીવને એક જ શરીર સ્થૂલરૂપે પ્રાપ્ત થાય)
(૩૫) પર્યાપ્તિ નામકર્મ (જે જીવોને જેટલી પર્યાપ્તિઓ કહેલી છે તે બધી અવશ્યપૂર્ણ કરે)
(૩૬) પ્રત્યેક નામકર્મ (એક શરીરમાં એક જ જીવ)
(૩૭) સ્થિર નામકર્મ (મસ્તક, હાડકાં-દાંત આદિ અવયવોમાં નક્કપણું પ્રાપ્ત થાય.)
(૩૮) સુભગ નામકર્મ (પોતે ઉપકારાદિ નહિ કરવા છતાં અન્ય સર્વ જીવોને પ્રિય ભાસે)
(૩૯) સુસ્વર નામકર્મ (કર્ણને પ્રિય અને શ્રોતાઓને પ્રીતિના હેતુભૂત થાય)
(૪૦) શુભ નામકર્મ (નાભિ ઉપરનો ભાગ સુંદર દેખાય)
(૪૧) આદેય નામકર્મ (વચનાદિ પ્રવૃત્તિ સર્વ લોકમાન્ય બને અને દેખતાંની સાથે સામાવાળાઓ સત્કાશ- સમ્માન કરે)
(૪૨) યશનામકર્મ (પ્રશંસા અથવા ખ્યાતિ પામવી)

પુણ્ય તત્ત્વ જાણવાનું ધ્યેય : સામાન્ય રીતે જ્ઞાની ભગવંતોએ પુણ્ય (શુભાસ્રવ)ને પણ સોનાની બેડી જેવું જીવને સંસારમાં પકડી રાખનારું બંધન કહેલ છે. પાપવૃત્તિઓ અને પાપપ્રવૃત્તિઓનો નાશ થયે પુણ્યનો બંધ આત્માથી આપોઆપ છૂટીજાય છે. જ્યાં સુધી પાપતત્ત્વનો ઉદયકાળ હોય છે ત્યાં સુધી પુણ્યતત્ત્વ પણ પાપતત્ત્વ જેવું જ જોર બતાવે છે કે જેના કારણે જીવને પુણ્યાનુબંધી પુણ્ય બાંધવામાં અંતરાય પડે છે.

# પાપતત્ત્વ

સામાન્યરીતે જીવ જ્યારે અશુભ પ્રવૃત્તિ કરે (મન–વચન–કાયાના યોગે) દા.ત. બીજા જીવોને દુ:ખ દેવાથી, કલેશ ઉપજાવવાથી અથવા અઢારે પાપસ્થાનકોમાં રાચવાથી – ત્યારે પાપ (અશુભ કર્મ) બંધાય છે. જ્ઞાની ભગવંતોએ અઢાર પ્રકારે પાપ બંધાય તેવું પ્રરૂપ્યું છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રાણાતિપાત | : | પ્રમાદયોગે જીવને તેના પ્રાણોથી વિખૂટા કરવા. અર્થાત્ વ્યવહારનયથી જીવની હિંસા કરવી. |
| ૨) | મૃષાવાદ | : | જૂઠું બોલવું (શાસનરક્ષાના અપવાદમાર્ગ સિવાય) |
| ૩) | અદત્તાદાન | : | ચોરી કરવી (અનેક પ્રકારે) |
| ૪) | મૈથુન | : | સ્ત્રી આદિનો સંગ કરવો. |
| ૫) | પરિગ્રહ | : | ધન–ધાન્ય–વસ્ત્ર–પાત્રનો જરૂરિયાત કરતાં વધારેનો સંગ્રહ કરવો. વસ્તુ પ્રત્યે મૂર્છા–મમત્વ રાખવું. |
| ૬) | ક્રોધ | : | ગુસ્સો – આવેશ (આભ્યંતર શત્રુઓ ઉપરનો ક્રોધ ઉપાદેય છે.) |
| ૭) | માન | : | અહંકાર કરવો. (હું આવો... હું તેવો... હું જ સૌથી શ્રેષ્ઠ) |
| ૮) | માયા | : | કપટ કરવું (વિચારવું – બોલવું – આચરવું ત્રણે જુદું) |
| ૯) | લોભ | : | તૃષ્ણા... (ઈચ્છાઓ આકાશની માફક અનંત છે.) |
| ૧૦) | રાગ | : | મોહ–પ્રેમ–આસક્તિ–મારાપણું–મમતા |
| ૧૧) | દ્વેષ | : | ઈર્ષા, અદેખાઈ, અસમતા, અરૂચિ |
| ૧૨) | કલેશ | : | કલહ–કજીયા–કંકાસ, ઝઘડા ટંટા |
| ૧૩) | અભ્યાખ્યાન | : | ખોટું આળ ચઢાવવું. |
| ૧૪) | પૈશુન્ય | : | ચાડી–ચુગલી |
| ૧૫) | પરપરિવાદ | : | પારકાની નિંદા કરવી (સ્વનિંદા ઉપાદેય છે) |
| ૧૬) | રતિ અરતિ | : | હર્ષ–શોક |
| ૧૭) | માયા મૃષાવાદ | : | કપટ સહિત જૂઠું બોલવું |
| ૧૮) | મિથ્યાત્વ શલ્ય | : | (મિચ્છા દંસણ સલ્લં) અસત્ય મત–સંપ્રદાયની શ્રદ્ધા હોવી. |

આ અઢારે પાપસ્થાનકના અશુભ બંધનાં અશુભ ફળ જીવ ૮૨ પ્રકારે ભોગવે છે. આ બ્યાસી ભેદ આઠે કર્મના મળીને થાય છે. પાપ, આશ્રવ અને બંધના પેટા ભેદ છે. મિથ્યાત્વ, હિંસા, જૂઠ, ચોરી, અવ્રત, વગેરેના જે અશુભ ભાવો જીવને થાય તે અરૂપી અશુદ્ધ ભાવ છે– તે 'ભાવપાપ' કહેવાય છે. તે સમયે જ્ઞાનાવરણીય, મોહનીય, અશાતા વેદનીય આદિ કર્મયોગ્ય પુદ્‌ગલ પરમાણુઓનો સમૂહ સ્વયં (સ્વતઃ) એક ક્ષેત્રાવગાહ સંબંધે આત્માની સાથે બંધાય છે તે 'દ્રવ્યપાપ' કહેવાય છે.

પાપ તત્ત્વના ૮૨ ભેદ નીચે દર્શાવ્યા પ્રમાણે થાય છે.

(૧) ઘાતી કર્મની ૪૫ પ્રકૃતિઓ

(ક) જ્ઞાનાવરણીય – ૫ મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ, કેવળજ્ઞાન

(ખ) દર્શનાવરણીય – ૯ (ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળદર્શન) નિદ્રા નિદ્રાનિદ્રા–પ્રચલા – પ્રચલાપ્રચલા થીણદ્ધિ

(ગ) મોહનીય – ૨૬ દર્શન મોહનીય : ૧ (મિથ્યાત્વ) : ચારિત્ર મોહનીય : ૨૫ (૧૬ કષાય + ૯ નો કષાય

કષાયો – ક્રોધ – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, સંજવલન
માન – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, સંજવલન
માયા – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, સંજવલન
લોભ – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, સંજવલન

નોકષાય = હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્રીવેદ, (૯) નપુંસકવેદ.

(ઘ) અંતરાય – ૫ દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય

(૨) અઘાતી કર્મની ૩૭ પાપ પ્રકૃતિઓ

(ક) વેદનીય – ૧ (અશાતા વેદનીય)
(ખ) આયુષ્ય – ૧ (નરકનું આયુષ્ય)
(ગ) ગોત્ર– ૧ (અશુભ – નીચગોત્ર)
(ઘ) નામકર્મ – ૩૪ – જેના પેટા વિભાગ આ પ્રમાણે કહેલ છે.

(૧) ગતિ – ૨ (નરક, તિર્યંચ)
(૨) થાવર દસક – ૧૦ (થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્તા, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુસ્વર, અનાદેય, અપયશ)
(૩) ઉપઘાત – ૧ (નાના અવયવો – અંગોપાંગના કારણે પીડા પામે)
(૪) આનુપૂર્વિ – ૨ (નરકાનુપૂર્વિ, તિર્યંચાનુપૂર્વિ)
(૫) જાતિ – ૪ (એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરેન્દ્રિય)
(૬) સંઘયણ – ૫ (ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલીકા, છેવટનું)
(વર્તમાનકાળે ભરતાદિ ૧૦ ક્ષેત્રમાં છેલ્લું સંઘયણ છે.)
(૭) સંસ્થાન – ૫ (ન્યગ્રોધ, સાદિ, કુબ્જ, વામન, હુંડક)
(૮) વર્ણાદિ – ૪ (અશુભ, ગંધ, રસ, સ્પર્શ, વર્ણ)
(૯) વિહાયોગતિ–૧ (અશુભ –ઊંટ અને ગધેડા જેવી ચાલ)

પાપતત્ત્વ જાણવાનો ઉદ્દેશ – આ રીતે પાપતત્ત્વોના ભેદોને જાણીને જીવ પોતાના જ અધ્યવસાયથી અનાદિ કર્મના સંયોગના કારણે રાગાદિ પરિણામથી, અહં–મમત્વાદિ કરતો અશુભ પ્રકૃતિઓનો જે તીવ્ર રસબંધ કરતો હોય છે, તેને જેમ જેમ રાગાદિની મંદતા કરતો જાય, મમત્વ ભાવ છોડતો જાય તેમ તેમ બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ મોળો પડે, અને તેમ કરતાં વિશુદ્ધ પરિણામની સવિશેષ પ્રાપ્તિ કરી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે.

## પુણ્ય – પાપ તત્ત્વની ચતુર્ભંગી

સામાન્ય રીતે જગતમાં રહેલા સર્વજીવો (દશમાં ગુણસ્થાનક સુધી રહેલા) સમયે સમયે પોતાના અધ્યવસાયથી એટલે કે પરિણામથી ધારાથી પુણ્ય અને પાપ બંને પ્રકારની પ્રકૃતિઅલનો બંધ કરે છે. કોઈ સમય એવો ખાલી નથી કે જે સમયે બંને પ્રકારની પ્રકૃતિઓ બંધાતી ન હોય સમય એવો ખાલી નથી કે જેટલી અધ્યવસાયની મલિનતા વિશેષ હોય તેમ પાપ પ્રકૃતિનો રસ તીવ્ર બંધાય અને પરિણામોની શુદ્ધિ વધુ હોય તો પુણ્ય પ્રકૃતિનો રસ તીવ્ર બંધાય.




(૧) પુણ્યાનુબંધી પુણ્ય – જીવને પુણ્યનો ઉદયકાળ હોય તે સાથે રાચીમાચીને સંસારના સુખોમાં લીન ન બને; આત્મભાન સાથે સુકૃતો (મુખ્યત્વે જીવદયા, સુપાત્રદાન) સંયમ પાલન; મૈત્રાદિ ચાર ભાવનાઓ ભાવે તો પુણ્યનો અનુબંધ પડે. દા.ત. ધન્ના – શાલીભદ્ર, અભયકુમાર આદિ સમકિતી આત્માઓ.

(૨) પુણ્યાનુ બંધી પાપ – વર્તમાનમાં પાપનો ઉદય ચાલતો હોય– દુ:ખની વણઝાર ચાલતી હોય છતાં તત્ત્વથી વિપાક વિચયરૂપ ધર્મધ્યાન દ્વારા સમાધિ જાળવીને દીન બન્યા વિના દુ:ખોને મજેથી ભોગવી પુણ્યોનો અનુબંધ બાંધે. દા.ત. પુણીયા શ્રાવક.

(૩) પાપનુબંધી પુણ્ય – વર્તમાનમાં પૂર્વના પુણ્યનો ઉદયકાળ હોય તે કાળમાં જિનાજ્ઞાને નેવે મૂકી, પૌદ્ગલિક સુખને જ સર્વેસર્વા માની, સઘળા, પાપોની પ્રવૃત્તિ કરી કરીને પાપનો અનુબંધ કરે. દા.ત. બ્રહ્મદત્ત, ચક્રવર્તી,કસાઈના જીવો તથા કલિકાળમાં વર્તતા મોટાભાગના કહેવાતા ધર્માત્માઓ.

(૪) પાપાનુબંધી પાપ – પાપના ઉદયકાળમાં અનાત્મભાવે, અવિવેકે કરી પાપાચરણ કરે, દુ:ખમાં હાયવોય કરે ત્યારે પાપનો અનુબંધ પડે... દા.ત. અચરમાવર્ત કાળના સઘળા અજ્ઞાની જીવો. પાપ પ્રવૃત્તિઓનો નાશ થયે પુણ્ય તત્ત્વ આપોઆપ ચાલ્યું જાય છે. જ્યાં સુધી પાપ તત્ત્વનો ઉદયકાળ હોય છે ત્યાં સુધી પુણ્ય તત્ત્વ પણ પાપ તત્ત્વ જેવું જ જોર બતાવે છે કે જેના કારણે જીવને પુણ્યાનુબંધી પુણ્ય બાંધવામાં અંતરાયભૂત થાય છે. માટે જ્ઞાની ભગવંતોએ પુણ્યાનુબંધી પુણ્યને ઉપાદેય કરેલ છે. પુણ્યાનુબંધી પાપ પણ આંશિક ઉપાદેય છે જ્યારે પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપને હેયરૂપે ગણેલ છે.

તત્ત્વાર્થ – બંધ સમયે ચિત્ત ચેતિયે રે... ઉદયે શો સંતાપ સલુણા...

## આશ્રવ તત્ત્વ

આત્માના પ્રદેશોને વિષે સમયે સમયે કર્મનું આવવું જે બને છે તે 'આશ્રવ' કહેવાય છે. તેના મુખ્ય પાંચ ભેદ છે.

(૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ, (૩) કષાય, (૪) યોગ, (૫) પ્રમાદ

(કોઈ ઠેકાણે પ્રમાદ સિવાયનાં ચાર કારણો દર્શાવ્યાં છે. ત્યાં પ્રમાદને કષાયમાં અંતર્ભૂત કરેલ હોય છે.)

(૧) મિથ્યાત્વ

અજ્ઞાન અને મોહના ઉદયે સૂત્ર – અર્થ–તત્ત્વાર્થમાં શ્રદ્ધા ન થવી યા વિપરીત થવી. એટલે ખોટી શ્રદ્ધા પક્કડ (કદાગ્રહ) ખોટી માન્યતા એટલે પરવસ્તુ પરવ્યક્તિમાં સુખ–દુ:ખ આપવાની શક્તિ નથી છતાં તેમ સુખ બુદ્ધિ કરવી; ખોટી શ્રદ્ધા કુદેવ, કુગુરુ, કુધર્મને માનવા; ખોટી પક્કડ – સર્વજ્ઞ ભગવાન પ્રણીત જે ભાવો છે તેને માન્યા સિવાય સ્વબુદ્ધિથી આજ્ઞાથી ઓછી, અધિક કે વિપરિત પ્રરૂપણા કરવી. આવા મિથ્યાત્વ ભાવો સેવી સેવીને જીવ અનંત કાળથી સંસારમાં રખડ્યો છે.

વ્યવહારમાં  દસ પ્રકારના મિથ્યાત્વ ભાવ કહ્યા છે. (૧) અધર્મમાં ધર્મની સંજ્ઞા, (૨) ધર્મમાં અધર્મની સંજ્ઞા, (૩) અમાર્ગમાં માર્ગની સંજ્ઞા, (૪) માર્ગમાં અમાર્ગની સંજ્ઞા, (૫) અજીવમાં જીવની સંજ્ઞા, (૬) જીવમાં અજીવની સંજ્ઞા, (૭) અસાધુમાં સાધુની સંજ્ઞા, (૮) સાધુમાં કુસાધુની સંજ્ઞા, (૯) અમુક્તમાં મુક્તની સંજ્ઞા (૧૦) મુક્તમાં અમુક્તની સંજ્ઞા.

મિથ્યાત્વનું લક્ષણ એ છે કે તેને અવિદ્યામાં, દુર્બુદ્ધિમાં, કષાયમા અને પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં અનન્ય આનંદ મળે છે. આ દૈહિક સુખ – આ ભવ મીઠા પરભવ કીસને દીઠા – આંખે પ્રત્યક્ષ દેખાય તેટલી વસ્તુ સિવાય બીજી અપરોક્ષ વસ્તુને માને નહીં પુણ્ય–પાપ; સ્વર્ગ–નરક; જીવનો મોક્ષ વગેરે બાબતની જે ચર્ચા ચાલે છે તે બધું સાધુ–સંતોની કુંઠિત બુદ્ધિ કે અવૈજ્ઞાનિક વિચાર ધારાને કારણે ઉપજાવી કાઢેલ છે... કોઈ જીવ સર્વજ્ઞ બની શકે નહિ. અથવા વિચારોની શ્રેણીમાં રમવું તે જ મિથ્યાત્વ છે.

આશ્રવદ્વાર એટલે પાપને પ્રવેશ કરવાનાં પ્રનાળ (ગરનાળાં) છે. શાસ્ત્રોમાં અનેક પ્રકારે તેની ગણના કરવામાં આવે છે.

(૧) ૧૩૭ દ્વારની સંખ્યા – મિથ્યાત્વ – ૫;  અવિરતિ – ૧૨; પ્રમાદ – ૮૦; કષાય – ૨૫ (૧૬ કષાય + ૯ નોકષાય) ; યોગ –૧૫ = કુલ ૧૩૭

(૨) ૫૭ આશ્રવદ્વાર – અવિરતિ, ૧૨; કષાય–૧૬; નોકષાય–૯; મિથ્યાત્વ–૫; યોગ–૧૫; કુલ=૫૭

(૩) ૪૨ આશ્રવદ્વાર – ઈન્દ્રિય–૫; અવ્રત–૫; કષાય–૪; યોગ–૩; ક્રિયા–૨૫ = કુલ ૪૨

બાળ જીવોને રોજીંદા જીવનમાં થતાં પાપકર્મને સમજવા ૪૨ આશ્રવદ્વાર વધુ સુગમ પડશે તેથી સંક્ષેપમાં તેનું જ્ઞાન મેળવીએ.

પાંચ ઈન્દ્રિય

પાંચ અવ્રત   હિંસા (સ્વરૂપહિંસા, હેતુહિંસા, અનુબંધહિંસા) મૃષાવાદ (જૂઠ), અદત્તાદાન (ચોરી), મૈથુન (અબ્રહ્મ), પરિગ્રહ (બાહ્ય પરિગ્રહ, આભ્યંતર પરિગ્રહ) ચાર કષાય

ચાર કષાય   ક્રોધ, માન, માયા, લોભ.

ત્રણ યોગ   (મનયોગ–વચનયોગ–કાયયોગ)

પચ્ચીસ ક્રિયાઓ (કાયિકી ક્રિયા, અધિકરણિકિ ક્રિયા, પ્રાદ્વેષિકી ક્રિયા, પારિતાપનિકી ક્રિયા, પ્રાણાતિપાતિકી ક્રિયા, આરંભિકી ક્રિયા, પરિગ્રહિકી ક્રિયા, માયા પ્રત્યયિકી ક્રિયા, મિથ્યાત્વદર્શન પ્રત્યયિકી ક્રિયા, અપ્રત્યાખ્યાનિકી ક્રિયા, દષ્ટિકી ક્રિયા, સ્વપૃષ્ટિકી ક્રિયા, પ્રાતિત્યકી ક્રિયા, સામંતોપનિપાતિકી ક્રિયા, નૈસૃષ્ટિકી ક્રિયા, સ્વહસ્તિકી ક્રિયા, આજ્ઞાપનિકી ક્રિયા, વૈદારણિકી ક્રિયા, અનાભોગિકી ક્રિયા, અનવકાંક્ષપ્રત્યયિકી ક્રિયા, પ્રાયોગિકી ક્રિયા, સામુદાયિકી ક્રિયા, પ્રેમીકી ક્રિયા, દ્વેષિકી ક્રિયા, ઈર્યાપથિકી ક્રિયા)




## આશ્રવ તત્ત્વાર્થ

મિથ્યાત્વ ન હોય તો સંસારમાં સારું અને નરસું લાગવા જેવું શું છે?
અવિરતિ ન હોય તો સંસારમાં ઈચ્છવા જેવું શું છે?
કષાયો ન હોય તો સંસારમાં તમારું ભૂંડુ કરનાર કોણ છે?
યોગ ન હોય તો સંસારમાં બંધન લાગવા જેવું શું છે?
કષાયોની ફાવટ આ અવિરતિને કારણે; અને અવિરતિની મીઠાશ મિથ્યાત્વને કારણે... આ ચારેયને ત્યજો (છોડીદો) તો ન્યાલ થઈ જશો.

## જાણવા જેવા થોડાં પ્રશ્નો

પ્ર. કષાયનો એકદમ ત્યાગ કરવા ધારે તો જીવ ત્યાગ કરી શકે કે તેને ક્રમે કરી ત્યાગ કરવાનો પુરુષાર્થ કરવો?

જ. એકદમ ત્યાગ કરશું એવા વિશ્વાસ ઉપર રહી તેનો ક્રમે કરી ત્યાગ કરવાનો પછી અભ્યાસ નથી કરતો તે એકદમ ત્યાગ કરવાનો પ્રસંગ આવ્યે મોહનીય કર્મના બળ આગળ પ્રાય: ટકી શકતો નથી. જ્યાં સુધી મોહવૃત્તિ સામે લડવા નથી આવી ત્યાં સુધી અજ્ઞાનને વશ આત્મા પોતાનું બળવાનપણું વિચારે છે પરંતુ કસોટીનો પ્રસંગ આવ્યે પોતાનું કાયરપણું છતું થઈ જાય છે. માટે દરેક જીવે પ્રમાદરહિત, ભૂમિકાભેદે, દેશ-કાળ પ્રમાણે નિવૃત્તિના માર્ગનો અભ્યાસ નિરંતર કરવો જોઈએ.

પ્ર. ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયોનો ક્ષય અનુક્રમે થાય છે?

જ. હા... પહેલો કષાય (ક્રોધ) જવાથી અનુક્રમે બીજા કષાયોનો ક્ષય થાય છે. દેશ, કાળ અને જીવદળની અપેક્ષાએ ક્રોધ માન,માયા, લોભ અને ક્રોધ એમ ક્રમ રાખેલ છે. જેમ કે અભિમાનથી પોતાને બીજાથી શ્રેષ્ઠ માને, તે અર્થે છળ-કપટ-માયા કરે અને લોભને વશ થઈ ધન-પ્રતિષ્ઠા મેળવવા પ્રયાસ કરે અને તેમ કરવામાં વિઘ્ન કરનાર ઉપર ક્રોધ કરે.

પ્ર. કષાયાદિ ભાવ જ્ઞાન થયે નિર્મૂળ થાય / કે કષાયો મંદ પડે ત્યારે જ્ઞાન ઉત્પન્ન થાય?

જ. ઘણે સ્થળે પ્રાજ્ઞ પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ, ભાવ મોળા પડે પણ એનો અર્થ એવો નથી કે જ્ઞાન થયાં પહેલાં તે મોળાં ન જ પડે. મૂળ સહિત છેદ તો જ્ઞાને કરીને થાય પણ કષાયાદિનું મંદપણું ન થાય ત્યાં સુધી જ્ઞાનઘણું કરીને ઉત્પન્ન ન થાય.

પ્ર. અનંતાનુબંધી કષાય કોને કહે છે? તે શાથી સંભવે છે?

જ. જે કષાય પરિણામથી અનંત સંસાર વધે તેને 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે. સુદેવ, સુગુરુ સદ્ધર્મનો દ્રોહ, અવજ્ઞા, આશાતના, વિમુખભાવ, ઉત્સૂત્ર ભાષણ; તેમજ અસત્ ધર્મનો કદાગ્રહ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતાં 'અનંતાનુબંધીકષાય' સંભવે છે. ચક્રવર્તી રાજા આદિ ક્રોધાદિ ભાવે સંગ્રામ ખેલે છે. અને લાખો મનુષ્યોનો ઘાત કરે છે. તોપણ તેઓમાંના કેટલા બધાનો તે જ ભવમાં મોક્ષ થયો છે. તે ક્રોધાદિ જો અનંત સંસારનો હેતુ હોઈને ખરેખર 'અનંતાનુબંધી' કષાય થતો હોય તો તે ચક્રવર્ત્યાર્દિને અનંત સંસારની વૃદ્ધિ થવી જોઈએ તો પછી તે જ ભવે મોક્ષ થવો શી રીતે ઘટે? તે હિસાબે ક્રોધાદિ કષાયો અનંતાનુબંધી સંભવતા નથી. સાચું તત્ત્વં કેવલિગમ્યં.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु




## સંવર તત્ત્વ

પુણ્ય-પાપરૂપ અશુદ્ધ ભાવોને (આસ્રવને)આત્માના શુદ્ધ પરિણામ દ્વારા રોકવા તે 'ભાવસંવર' છે અને તદનુસાર કર્મોનું સંપૂર્ણ રોકાણ ૧૪મા ગુણસ્થાનકે હોય છે. ૧૧-૧૨-૧૩મા ગુણસ્થાનકે યોગનો ઉદય હોવાથી શાતાવેદનીય રૂપ એક પ્રકારનું કર્મનું આવવું થાય છે. ૧૦મા ગુસ્થાનકે ક્ષયોપશમ ભાવે રહેલા દેશ સંવરને ઉપાદેય ગણેલ છે.

આ સંવર તત્ત્વના ૫૭ ભેદ છે. : - ૧૦ યતિધર્મ; ૧૨ ભાવના; ૨૨ પરિસહો; પાંચ ચારિત્ર્ય, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ

(૧) યતિધર્મ (ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન, બ્રહ્મચર્ય)

(૨) બાર ભાવના (એકત્વ ભાવના, અન્યત્વભાવના, અશુચિભાવના, અશરણભાવના, સંસારભાવના, આશ્રવ ભાવના, સંવર ભાવના, નિર્જરા ભાવના, લોકભાવના, બોધિભાવના, ધર્મભાવના,)

(૩) બાવીશ પરિષહો (ક્ષુધા પહિરષહ, તૃષા પરિષહ, શીત પરિષહ, ઉષ્ણપરિષહ, દંશ પરિષહ, અચેલક પરિષહ, અરતિ પરિષહ, સ્ત્રી પરિષહ, ચર્યા પરિષહ, નૈષેધિકી પરિષહ, શય્યા પરિષહ, આક્રોશ પરિષહ, વધ પરિષહ યાચના પરિષહ, અલાભ પરિષહ, રોગ પરિષહ, તૃણ-સ્પર્શ પરિષહ, મળ પરિષહ, સત્કાર પરિષહ, પ્રજ્ઞા પરિષહ, અજ્ઞાન પરિષહ, સમ્યક્ત્વ પરિષહ)

(૪) પાંચ ચારિત્ર (સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, યથાખ્યાતચારિત્ર)

(૫) પાંચ સમિતિ (ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ, પારિષ્ઠાનિકી (ઉત્સર્ગ) સમિતિ)

(૬) ત્રણ ગુપ્તિ ( મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ)

સંવર ભાવને ટકાવી રાખવા માટે આસ્રવનાં કારણોને સતત સન્મુખ રાખવાં નહિ તો કોઈ પણ ક્ષણે અનાદિના સંસ્કારોને કારણણે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને અશુભયોગના ચક્કરમાં ફસાઈ જઈ શકે છે. આશ્રવના નિરોધથી કર્મોનો નિરોધ થાય, કર્મોના અભાવથી શરીરનો અભાવ અને શરીરના અભાવનો અર્થ જ સંસારનો અભાવ... આ સાક્ષાત્ સંવર વાસ્તવમાં શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી પમાય છે, શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ ભેદ-વિજ્ઞાનથી થાય છે. આ ભેદ-વિજ્ઞાન સતત ભાવના કરવા યોગ્ય છે.

## નિર્જરા તત્ત્વ

અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના બળે આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભાશુભ ઈચ્છારૂપ) અવસ્થાની હાનિ કરવી તે 'ભાવનિર્જરા' છે; અને તેનું નિમિત્ત પામીને જડ કર્મનું ખરવું. તે 'દ્રવ્ય નિર્જરા' છે. સામાન્ય રીતે નિર્જરા બે પ્રકારની કહી છે.

(૧) અકામ નિર્જરા – એકેન્દ્રિયથી માંડીને સમૂર્છિમ –પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને દુ:ખ–કષ્ટ વગેરે વેઠતાં તેમાં રાગાદિ પરિણામની આંશિક મંદતા થઈ જતી હોવાથી સહજભાવે જે નિર્જરા થાય તે અકામ નિર્જરા કહેવાય છે. અકામ નિર્જરાથી પણ જીવને સારી પુણ્ય પ્રકૃતિ અને પૂર્વક્રોડ વર્ષનું મનુષ્યપણાનું આયુષ્ય બંધાઈ શકે છે. દા.ત. મરુદેવા માતા. તત્ત્વથી મોક્ષની રૂચિ જીવને જ્યાં સુધી પ્રાપ્ત થાય નહિં ત્યાં સુધી ગમે તેટલી ઉત્કૃષ્ટ ધર્મઆરાધના કરતા હોય, જ્ઞાનનો ક્ષયોપશમભાવ હોય તોપણ તેની સાથે મિથ્યાત્વનો ગાઢ ઉદય હોવાથી ફક્ત અકામ નિર્જરા પ્રાપ્ત થાય છે.

(૨) સકામ નિર્જરા– 'ગ્રંથી' એટલે અનુકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ રાગ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ દ્વેષ તેનો જે પરિણામ રહેલ છે, તેને ગ્રંથી કહેવાય છે. આ ગ્રંથીને ઓળખવાનો અને તેને ભેદવાનો પ્રયત્ન કરતો જીવ તેનાથી સાવધ રહી તેને દૂર કરવાનો જ્યારથી પ્રયત્ન કરે ત્યારથી પ્રાય: સકામ નિર્જરા શરૂ થાય છે. પછી શુદ્ધ પરિણામમાં જેટલો આગળ વધતો જાય તેટલે અંશે વધુને વધુ સકામ નિર્જરા પ્રાપ્ત થાય. અહીં નિર્જરા તત્ત્વને વિષે મુખ્યતયાએ આ સકામ નિર્જરા જ ઉપયોગી છે. આ નિર્જરા તત્ત્વના – તપના ૧૨ ભેદ છે. 'તપ' જીવનનું અમૃત છે. તેથી આ ભવમાં માનવી 'અભય'ને પ્રાપ્ત કરે છે. અને પરભવમાં મોક્ષ પામી 'અમર' બને છે.

(ક) બ્રહ્મ (આત્મામાં)વિચરણ કરવું – 'તવેસુ વા ઉત્તમ બ્રહ્મચેરં'

(ખ) છ બાહ્ય – છ આભ્યંતર તપનું સેવન કરવું (વ્યવહાર)

જેમ દવા બે પ્રકારની હોય છે. બહારમાં લગાડવાની અને મોં વાટે પેટની અંદર ગળી જવાની તેમ બાહ્ય તપ આત્માના રોગનો બ્હારથી ઈલાજ કરે છે અને અભ્યંતર તપ દ્વારા અંદરથી રોગનું નિવારણ થાય છે.

બાહ્યતપના છ ભેદ શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે.

(૧) અનશન (ઉપવાસ) : અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ – આ ચારે પ્રકારના કવળાહારનો યથાયોગ્ય ત્યાગ કરવો. ખરેખર જ્યારે આહાર ત્યાગની સાથે કષાયો– વિષયોનો ઈચ્છાપૂર્વક ત્યાગ કરવામાં આવે ત્યારે જ સાચો ઉપવાસ કર્યો કહેવાય.

(૨) ઉણોદરી (દ્રવ્ય ઉણોદરી–ભાવઉણોદરી) : ઊણું એટલુ ઓછું (ન્યૂન) + ઓદરિક – ઉદરપૂર્તિ કરવી. અર્થાત્ ભૂખથી ઓછું ભોજન કરવું. પુરૂષોને ૩૨ કોળીયા અને સ્ત્રીને

(૩) વૃત્તિસંક્ષેપ (દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી) ભોજ્યથી(ખાવાનાં) પદાર્થોનો જુદી–જુદી રીતે અમુક સમય સુધી ત્યાગ કરવો.

(૪) રસત્યાગ : જ્યારે સાદું, સાત્ત્વિક, ઓછું ભોજન લેવાય ત્યારે અધિક સ્ફૂર્તિ, સ્વાસ્થ્ય અને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય. આ તપથી 'સ્વાદ' જીતાય છે.

(૫) કાયકલેશ: કર્મક્ષયના હેતુથી સમજપૂર્વક સ્વના કલ્યાણ માટે કે પરના ભલા માટે કાયાને કષ્ટ પડે થાક લાગે, કે ટાઢ-તડકો સહેવો પડે તેવા લોચ-વિહાર દ્વારા જે સહન કરે તેને 'કાયકલેશ' તપ કહે છે.

(૬) સંલીનતા / પ્રતિસંલીનતા- કાય, યોગ, વિવક્ત ચર્યા -સંલીનતા પ્રતિજ્ઞાપૂર્વક બેસી રહેવુ કે નિશ્ચિત મુદ્રમાં રહેવું તે શરીરના અંગોપાંગ સંકોચીને રહેવું તે.

આભ્યંતરતપના પણ છ ભેદ શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે.

(૧) પ્રાયશ્ચિત નિંદામિ, ગરિહામિ, વોસિરામિ): જે પાપનું છેદન કરે તે પ્રાયશ્ચિત

(૨) વિનય ધર્મનું મૂળ વિનય છે - લોકોપચાર વિનય, ભય વિનય, અર્થ વિનય, કામવિનય, દૈન્ય વિનય

(૩) વૈયાવચ્ચ : નિ:સ્વાર્થ સેવાની સુવાસ માટે તપ-ત્યાગ કરવો અને પરહિત કાજે સર્વસ્વનું ન્યોછાવર કરવું બીજાના દુ:ખદર્દનું નિવારણ કરવું. અન્યના આંસુ લુંછવાં અને સુખડની માફક ઘસાઈને અગરબત્તીની માફક જલીને ઉપકાર કરવો.
આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, બાળ-વૃદ્ધ-ગ્લાન-સાધુ-સાધ્વી કુલ ગણ, સંઘ અને સાધર્મિક આ દરેકનું યથાયોગ્ય શક્તિ અનુસાર આહાર, વસ્ત્ર, પાત્ર, ઔષધ, વસતિ, આજ્ઞાપાલન, ઈત્યાદિથી ભક્તિ બહુમાન કરવું તે વૈયાવચ્ચ તપ કહેવાય છે.

(૪) સ્વાધ્યાય: ગંભીરતા અને વિશ્લેષણની સાથે સમ્યક્ રૂપે અધ્યયન કરવું તેનું નામ છે. "સ્વાધ્યાય". સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે સમ્યક્ પ્રકારે અધ્યયન કરવામાં આવેલા, સમ્યક્ પ્રકારે ચિંતન-મનન-ધ્યાન કરવામાં આવેલા અને સમ્યક્ પ્રકારે તપમાં પરિણત થયેલ પદાર્થને સ્વાધ્યાયરૂપી ધર્મ કહ્યો છે. પોતાના જ જીવન શાસ્ત્રનું પોતાની અંદર અધ્યયન કરવુ... જાતને ઓળખવી, બારે પ્રકારના તપમાં આ પ્રકારના સ્વાધ્યાયનું બીજું એક પણ શ્રેષ્ઠ તપ નથી.

(૫) ધ્યાન : યોગની એકાગ્રતા અથવા યોગનો નિરોધ ભવ્યજીવોના કલ્યાણ માટે, સમ્યક્ત્વની પ્રાપ્તિ અને શુદ્ધિ માટે, જીવનમાં ચિત્તના સ્થૈર્ય અને ધૈર્ય માટે, ગુણસ્થાનની શ્રેણી પર આરૂઢ થવા માટે અને મરણસમયે સમાધિની પ્રાપ્તિ માટે જ્ઞાનીઓને વિવિધ પ્રકારના ધ્યાનયોગ ફરમાવ્યા છે. (આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આ ચારમાં ધર્મ અને શુક્લ ધ્યાન શ્રેષ્ઠ છે.)

(૬) કાયોત્સર્ગ : શરીરથી અશુભનો ત્યાગ તે દ્રવ્ય ઉત્સર્ગ અને કષાયોનો ત્યાગ તે ભાવ ઉત્સર્ગ. કાયાના પાપ વ્યાપારનો ત્યાગ કરવો (ઉત્સર્ગ એટલો ત્યાગ) એના બે ભેદ છે. - દ્રવ્ય ઉત્સર્ગ અને ભાવ ઉત્સર્ગ (ગણ ઉત્સર્ગ, કાયઉત્સર્ગ, ઉપધિ ઉત્સર્ગ, કષાય ઉત્સર્ગ, ભવ ઉત્સર્ગ અને કર્મ ઉત્સર્ગ)

આ તેના પેટા પ્રકારે ગણી શકાય.

# બંધ તત્ત્વ

(૧) કર્મબંધના મુખ્ય પાંચ હેતુ : મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભયોગ (આનું વિસ્તૃત વર્ણન આશ્રવતત્ત્વમાં કરેલ છે.)

(૨) કર્મોની મુખ્ય દશ અવસ્થા : બંધ, ઉદ્‌વર્તન, અપવર્તન, સત્તા, ઉદય, ઉદીરણા, સંક્રમણ, ઉપશમન, નિધત્ત, નિકાચિત

બંધ : જ્યારે જીવનમાં તે તે પ્રકારના ભાવાત્મક પરિણામોને પામીને કર્મના પુદ્‌ગલો ખેંચાઈને આત્મા સાથે ચોંટે છે. ત્યારે તેમાં એક અદ્‌ભુત વિવિધ પ્રક્રિયા થાય છે. અને તેના ચાર પ્રકારે બંધ થાય છે તે.

(અ) પ્રકૃતિબંધ : જેમ કોઈ લાડવાનો સ્વભાવ વાયુનાશક (સૂઠ, મરી આદિ મસાલાથી બનાવેલ) કોઈ પિત્તનાશક અને કોઈ કફનાશક હોય છે તેવી રીતે આત્માએ ગ્રહણ કરેલાં એ દલિકોને (કર્મનાં દળીયાં) વિષે જે સ્વભાવ એટલે કે કેટલાક દલિકો જ્ઞાનગુણને આવરે, તો કોઈ ચારિત્ર ગુણને આવરે તે પ્રકૃતિ કહે છે. કાળની મર્યાદાને સ્થિતિ, અનુભાગને રસ અને કર્મ્ પુદ્‌ગલોનોની સંખ્યાને પ્રદેશ કહે છે.

(બ) સ્થિતિબંધ : સ્વભાવરૂપે થયેલા પુદ્‌ગલો કર્મરૂપે પરિણામ પામી, આત્મા સાથે એકમેક થઈને કેટલો સમય રહેશે તે 'સ્થિતિ' કહેવાય. ગ્રહણ કરાયેલ સઘળાંય કર્મ દલિકોમાંથી સમયે સમયે ઉદયમાં આવીને નાશ થાય તેની જે ગોઠવણ – તે 'નિષેક' રચના કહેવાય છે... જેમ કોઈ લાડવો અઠવાડિયું, પખવાડીયું એક મહિના સુધી સારો રહે તેમ કર્મની સ્થિતિ અંતમુર્હૂતથી માંડી ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધીની પણ હોય છે.

(ક) અનુભાગ બંધ (રસ) : 'રસ' એટલે ઉદયકાળમાં આવેલાં દલિકોનો જે ભોગવટો કરવો તે 'રસ' કહેવાય છે. જેમ કોઈ લાડવામાં મીઠો રસ અધિક, કોઈમાં કડવો રસ અધિક, તે રીતે કોઈ કર્મનાં દલિકોમાં શુભરસ અધિક તો કોઈમાં અશુભરસ અધિક હોય છે આ રસની તરતમતાના કારણે અસંખ્યાતા ભેદ પડે છે. જે રીતે લીમડાનો ત્રણ કીલો રસ હોય તેને એક ઠાણીયો રસ (એક સ્થાનીય) કહેવાય. તેને ઉકાળીને ૧કિલોને પાંચસો ગ્રામ કરાય તે બે ઠાણીયો , ૧ કિલો કરાય તો ત્રણ ઠાણીયો અને ઉકાળતા ચોથો ભાગ બાકી રહે (અડધો કિલો) અને જે ઘટ્ટ થાય તેમાં જે કડવાશ પ્રાપ્ત થાય તે ચાર સ્થાનીય રસ કહેવાય. એક ઠાણીયા રસને મંદ, બે ઠાણીયાને તીવ્ર, ત્રણ ઠાણીયા રસને તીવ્રતમ કહેવાય. આ ભેદ પણ પરસ્પર અનંતગુણ–અનંતગુણ તફાવતવાળા હોય છે. આ ચાર ઠાણીયા ઘટ્ટ રસમાં જેમ પાણી ભેળવતા જઈએ તેમ પાછી કડવાશ ઓછી થાય તેમ કષાયોની મંદતાથી અશુભ કષાયોની મંદતાથી અશુભ પ્રકૃતિના રસમાં મંદતા થાય છે.

અનંતાનુબંધી કષાય વડે પાપ પ્રકૃતિનો ૪ ઠાણીયો રસ અને પુણ્યનો ૨ સ્થાનીય રસ બંધાય છે.
અપ્રત્યાખ્યાનીય કષાય વડે પાપ પ્રકૃતિનો ૩ ઠાણીયો રસ અને પુણ્ય પ્રકૃતિનો ત્રણ સ્થાનીય રસ બંધાય છે.
પ્રત્યાખ્યાનીય કષાય વડે પાપ પ્રકૃતિનો ૨ ઠાણીયો રસ અને પુણ્ય પ્રકૃતિનો ૪ સ્થાનીય રસ બંધાય છે.
સંજવલન કષાય વડે પાપ પ્રકૃતિનો ૧ સ્થાનીય રસ અને પુણ્ય પ્રકૃતિનો ૪ સ્થાનીય રસ બંધાય છે.

(ખ) પ્રદેશ બંધ : કોઈ લાડવો વજનમાં ૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૩૦૦ ગ્રામ ઈત્યાદિ નાનો મોટો હોય તે રીતે બંધાતા કર્મદલિકોની સંખ્યાનું પ્રમાણ ઓછું અધિકું હોય છે એટલે કે તે કર્મ કેટલા જથ્થામાં રહેશે તે નક્કી થાય.

## જાણવા જેવા થોડાં પ્રશ્નો

પ્ર. જીવ પળે પળે એટલે કે હર ક્ષણે શું કર્મબંધ કરે છે.?

જ. હા, એવો કોઈ સમય જતો નહિ હોય કે જીવ કર્મનો બંધ કરતો ન હોય.

પ્ર. આમ જ બને તો પછી જીવ વીતરાગ માર્ગની સન્મુખ ક્યારે આવે?

જ. જ્યાં સુધી એક ક્રોડ સાગરોપમની કર્મની સ્થિતિ બાકી ન રહે ત્યાં સુધી જીવને વીતરાગ માર્ગ ગમતો નથી પણ જો તે સ્થિતિથી પલ્યોપમના અસંખ્યાતમો ભાગ ઓછો થાય તો જીવ વિતરાગ માર્ગની સન્મુખ થાય.

પ્ર. મોહનીય કર્મની સાથે એવા બીજાં કયાં કયાં કર્મ છે જેથી એ જીવને રખડાવે છે?

જ. મોહનીય કર્મને મદદગાર કર્મો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય છે જે એ મોહરૂપ કિલ્લાને ઢીલો થવા દેતા નથી.

પ્ર. એકવાર કર્મનો બંધ પડી ગયા છતાં તેમાં શું ફેરફાર થઈ શકે?

જ. હા, કર્મનો બંધ પડી ગયા છતાં ઉદ્વર્તન (ઉત્કર્ષણ), અપવર્તન (અપકર્ષણ) અને સંક્રમણ દ્વારા ફેરફાર થઈ શકે છે. તે પરિણતિ કરનાર આત્મા પોતે છે અને તે શરીરને વિષે રહી કરે છે માટે ત્યાં આગળ એટલે શરીરને વિષે રહેલો જે આત્મા તે જે ક્ષેત્રે છે તે ક્ષેત્રે રહેલા એવા જે પુદ્ગલ પરમાણું તેને ગ્રહીને બાંધે છે. તે ક્યાંય બહાર ગ્રહણ કરવા જતો નથી.

પ્ર. શું ઈશ્વર પ્રેરણાથી દરેક જીવને કર્મ બંધાય છે?

જ. જૈન દર્શન પ્રમાણે ઈશ્વર જેવી કોઈ આગવી શક્તિ કે વ્યક્તિ નથી કે તેનાથી જીવ કર્મ બાંધે. કર્મ બાંધવા કે છોડવા માટે જીવ સ્વતંત્ર છે.

પ્ર. કર્મના પુદ્ગલ પરમાણુ કોઈને દશ્ય હોય?

જ. કેવળજ્ઞાનીઓને નિયમા દશ્ય હોય છે. પરમાવધિવાળાને દશ્ય થવા સંભવે છે. પણ મનઃપર્યવજ્ઞાનીને અમુક દેશે દશ્ય થવા ભજના (વિકલ્પ) જણાવી છે.

પ્ર. કોઈને અલ્પ કોઈને અધિક અને કોઈને કર્મબંધ ન થાય તેનું કારણ શું?

જ. બંધ અને નિર્જરાની ન્યૂનાધિકતા જીવના પરિણામ ઉપર નિર્ભર છે. અભવ્ય જીવનાં પરિણામ સંકલેશરૂપ રહેતાં હોવાથી બંધ અધિક અને નિર્જરા અલ્પ, સમીપમુક્તિગામીનાં (નિકટભવી) પરિણામ નિર્મળ હોવાથી બંધ અલ્પ અને નિર્જરા અધિક, દૂરભવ્યને મધ્યમ જાતિનાં પરિણામ હોવાથી કર્મ બંધનો બંધ અને નિર્જરા સરખો હોય ત્યારે જીવનમુક્ત અવસ્થા બંધનો અભાવ થઈ માત્ર નિર્જરા જ થાય છે. અને નિર્જરાનો ક્રમ જુદા જુદા ગુણસ્થાનકમાં રહેલા જીવોની અપેક્ષાએ થાય છે.

પ્ર. જો વેદનીય કર્મ અવશ્ય ભોગવવાં જ પડે તેમ હોય તો ઔષધ લેવાથી વેદરાજથી (દર્દ) દૂર થાય નહિ તો પછી ઔષધ લેવાનો શું અર્થ?

જ. જે ઔષધ વેદનીય કર્મ પર અસર કરે છે તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ નિવૃત્ત કરી શકે છે, એમ કહ્યું નથી, કેમ કે તે ઔષધ જો કર્મરૂપી વેદનીયનું નિવારણ કરે તો અશુભ કર્મ નિષ્ફળ થાય અથવા ઔષધ શુભ કર્મરૂપ કહેવાય. પણ ત્યાં એમ સમજવું યોગ્ય છે કે તે અશુભ વેદનીય કર્મ એવા મંદ પ્રકારનું છે કે તેને પરિણામાંતર પમાડવામાં ઔષધાદિ નિમિત્ત કારણરૂપ થઈ શકે. નિશ્ચય નયની દૃષ્ટિએ તો ઓસડ વગેરે કહેવા માત્ર છે. બાકીતો હોનહાર હોય છે તે જ થાય છે.

પ્ર. કેટલાક રોગો ઉપર ઔષધાદિ અસર કરે છે અને કેટલાક ઉપર નહીં તેનું શું કારણ છે?

જ. કેટલાક રોગ પર ઔષધાદિ સંપ્રાપ્ત થયે અસર કરે છે કે કેમ કે તે રોગાદિના હેતુનો કર્મબંધ કંઈ પણ તેવા પ્રકારનો હોય છે. ઔષધાદિ નિમિત્તથી તે પુદ્ગલ વિસ્તારમાં પ્રસરી જઈ અથવા ખસી જઈને વેદનીય ઉદયનું નિમિત્તપણું છોડી દે છે. તેવી રીતે નિવૃત્ત થવા યોગ્ય તે રોગાદિ સંબંધી કર્મબંધ ન હોય તો તેના પર ઔષધાદિની અસર થતી નથી અથવા સમ્યક્-પ્રકારનાં પ્રચુર પાપક્રિયાથી નિર્માણ કરાયેલ કર્મ ઉપર અસર થતી નથી. અથવા સમ્યક્ પ્રકારનાં ઔષધ પ્રાપ્ત થતો નથી.

પ્ર. ધર્મી જીવો ત્રસ-હિંસાવાળી દવા લે?

જ. ના... અરે તેવી વિદ્યા પણ તે ભણે નહિં . ભયંકર જીવલેણ રોગ થયો હોય, માંસની એક કટકી કે કોડ લીવર ઓઈલ ખાવાથી તે મટી જાય તેમ હોય તોય સાચો ધર્મી જીવ (અરે જીજ્ઞાસુ જીવ પણ) પ્રાણ જાય તો પણ ખાય નહિ.

પ્ર. ઋતુના ફેરફારથી શરદી આદિ થાય છે તેનું શું કારણ છે?

જ. પુદ્ગલ વિપાકી કર્મના લીધે થાય છે. કોઈ બહારના પુદ્ગલના સમાગમથી પુદ્ગલ વિપાકી કર્મ ઉદયમાં આવે તેમ કોઈ બાહ્ય પુદ્ગલના સમાગમથી નિવૃત્ત પણ થાય. જેમ ઋતુના ફેરફારથી શરદી આદિ થાય તેમ ગરમ ઓસડ વગેરે થી નિવૃત્ત પણ થાય.

પ્ર. કેટલાક જીવો કર્મ પ્રમાણે વેદનાને અનુભવે છે. જ્યારે કેટલાક તેથી જુદી રીતે વેદના અનુભવે છે. તેનું શું કારણ?

જ. જે જીવોના જે કર્મોના સ્થિતિઘાત, રસઘાત આદિ થાય છે તે જે પ્રકારે કર્મ બાંધેલ છે તેથી ભિન્ન પ્રકારે વેદના અનુભવે છે. જ્યારે જે જીવોના કર્મોના સ્થિતિઘાત, રસઘાત આદિ થયા નથી તે જીવે જે પ્રકારે કર્મ બાંધ્યા હોય તે પ્રમાણે વેદના વેદે.

પ્ર. ખૂન કરીને પણ અદાલતમાં છૂટી જાય છે તો તેને શું નિકાચિત કર્મ તે સમયે ઉત્પન્ન નહિ કર્યું હોય?

જ. મુખ્યતાએ બંધ પરિણામ અનુસાર થાય છે. કેટલાક બચાવના કારણથી, અને સાક્ષી આદિના અભાવથી યા સત્તાધીશોની લાગવગથી તે કર્મ કરનાર મનુષ્ય છૂટી જાય છે તેથી તેનો બંધ નિકાચિત નહિ જ હોય એમ સમજવા યોગ્ય નથી. તેના વિપાકનો ઉદયકાળ લાંબો હોય તો તેથી પણ એવું બને. વળી કેટલાક કેસોમાં નિર્દોષને પણ શિક્ષા થતી હોય છે, તે શિક્ષા કોઈ પૂર્વના કરેલા અશુભ કર્મના ઉદયરૂપ પણ હોય છે અને વર્તમાન શુભ-અશુભ કર્મબંધ સત્તામાં પડ્યા રહે છે જે યથા અવસરે વિપાક આપે છે.

પ્ર. જીવો અલ્પ આયુષ્યનો બંધ કેવી રીતે બાંધે છે?

જ. મુખ્યત્વે ત્રણ કારણો વડે તથા સુપાત્રદાન, ભિક્ષુ(ચારિત્રવંત)ને સજીવ, સદોષ (અકલ્પનીય, ન ખપે તેવું) અન્નપાનાદિ આપવાં વડે.

પ્ર. કર્મપુદ્ગલોનો બંધ આત્માના કેટલા પ્રદેશોને અને ક્યાં ક્યાં થાય છે?

જ. જેમ દૂધમાં પાણી નાખીએ તે બધા દૂધમાં ભળી જાય છે અને જેમ લોઢાના ગોળાને તપાવવાથી તેમાં અગ્નિ (ગરમી) સર્વ જગ્યાએ ફેલાઈ જાય છે તેમ કર્મપુદ્ગલો પણ આત્માના સર્વપ્રદેશો સાથે બંધાઈ જાય છે (આઠ રૂચક પ્રદેશો સિવાય)

પ્ર. અનાદિથી જીવ કર્મથી બંધાયેલ છે તો શું તે મુક્ત થઈ શકે?

જ. હા... જીવ ખરેખર ઈચ્છે તો પોતે કર્મથી મુક્ત થઈ શકે. જ્ઞાન, દર્શન, સંયમ, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધનાના બળે કર્મબંધ શિથિલ થઈ ક્ષીણ થાય છે... આ સાધનો મોક્ષપદના ઉપાય છે.

# મોક્ષતત્ત્વ

અનાદિકાળથી આપણો અશુદ્ધ આત્મા સંસારનો તીવ્રરાગી અને મુક્તિનોદ્વેષી જ રહેલો છે. આ સંસાર ચક્રમાં ભ્રમણ કરતાં ભવસ્થિતિ પરીપક્વ થતાં ચરમાવર્તમાં આવેલો જીવ હજી સુધી પુદ્ગલમાં જ રાચતો – પુદ્ગલને જ તત્ત્વ સ્વરૂપે માનતો તે પુદ્ગલાનંદી આત્મા અજ્ઞાન અને મિથ્યાત્વના બે કિલ્લાઓ – ભવાભિનંદીપણું અને કદાગ્રહ પણ વજ્ પ્રહારો કરી "વૈરાગ્ય" અને "સત્ય શોધકતા" એ બે ગુણોને પ્રાપ્ત કરે છે ત્યારે તે "અપુનર્બંધક અવસ્થા" ને પ્રાપ્ત કરનારો જીવ ક્યારેય પ્રાપ્ત ન કર્યો હોય તેવો "મુક્તિનો અદ્વેષ ગુણ" પ્રાપ્ત કરે છે. (જીવ પહેલી "મિત્રા દષ્ટિ" પ્રાપ્ત કરે છે. આત્મબોધ તૃણ (ઘાસ) ના અગ્નિ સમાન હોય છે. આત્માની કોમળ પરિણતિ હોય અને પાપ તીવ્ર ભાવે ન કરે.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે જેને અંશતઃ તપ–ત્યાગ–સંયમમાં દુ:ખ રૂપતાનું ભાન થાય તેને સંપૂર્ણ તપ–ત્યાગી–રૂપી યથાખ્યાત સંયમવાળા મોક્ષમાં રૂચિ ક્યાંથી જાગે? જેને તપ–ત્યાગ–સંયમ રૂપી દીક્ષામાં સુખની અનુભૂતિ થાય તેને જ મોક્ષની તાત્ત્વિક ઈચ્છા પ્રગટે. અધ્યાત્મક્ષેત્રમાં સંવેદન અને અનુભૂતિ વગરની શ્રદ્ધાનો સથવારો લઈને જે ચાલે તે પહેલા જ પગથિયેથી પડે.

મોક્ષમાં શુદ્ધ આત્માના ક્ષાયિક ગુણોનું વર્ણન :

મોક્ષમાં અનંતા ગુણો ક્ષાયિકભાવના છે... આત્મા એ અદ્વિતીય અનુપમ દ્રવ્ય છે. તેના ગુણો અસામાન્ય કક્ષાના છે... તેની શક્તિ અસીમ છે. ઘાતીકર્મો તૂટવાથી ગુણો પ્રદર્શિત થાય છે. ક્ષાયિક ભાવનો અમુક ગુણ ક્વચિત્ કેવળજ્ઞાન પામ્યા પહેલાં પણ આવે છે. ઉચ્ચ કોટિના સાધકો જ્યારે ક્ષાયિક સમકિત પામે છે ત્યારે ક્ષાયિકભાવનો વિવેક ગુણ પ્રગટ થાય છે, અર્થાત્ ગુણ પ્રગટાવનારી મહાશક્તિને પામે છે.

મુખ્ય ગુણો પ્રગટાવનારી મહાશક્તિઓ:

(૧) અનંતજ્ઞાન શક્તિ, (૨) અનંતદર્શન શક્તિ, (૩) અનંતચારિત્ર શક્તિ, (૪) અનંતદાન શક્તિ, (૫) અનંતલાભ શક્તિ (૬) અનંતભોગ શક્તિ, (૭) અનંતઉપભોગ શક્તિ, (૮) અનંતવીર્ય શક્તિ, આ આઠ શક્તિઓ આત્મામાં છે. જડ પદાર્થોમાં તે હોતી નથી. ઘાતીકર્મો આત્માના ગુણો અને શક્તિઓનો ઘાત કરે છે.

દ્રવ્ય પ્રમાણ : સિદ્ધના જીવો દ્રવ્યની અપેક્ષાએ અનંત હોય છે. અને તે પાંચમા અનંતા જેટલા ગણાય છે. (મધ્યમયુક્ત અનંતુ) જગતમાં સિદ્ધના જીવ કરતાં અનંતમા ભાગ જેટલા સમકિતથી પડેલા જીવો હોય છે.

સિદ્ધના જીવોનુ ક્ષેત્ર : લોકનાં અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે. સિદ્ધના જીવની જઘન્ય અવગાહના ૧૪ હાથ અને ૮ અંગુલ હોય છે અને ઉત્કૃષ્ટ અવગાહના એક ગાઉનો ૬ઠ્ઠો ભાગ એટલે ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ અથવા ૧૩૩૩ હાથ ૮ અંગુલ જેટલી હોય છે.

સિદ્ધના જીવોનું ક્ષેત્ર–ઈષિત્ પ્રાગ્ભાર નામની સિદ્ધશીલા પૃથ્વી ઉર્ધ્વલોકાંત ૧ યોજન (ઉત્સેધાંગુલનો) દૂર રહે. તેવી રીતે મનુષ્ય ક્ષેત્ર અઢીદ્વિપનાં ઢાંકણરૂપ ૪૫ લાખ યોજન લાંબી–પહોળી ગોળાકારે રહેલી છે. મધ્યમાં ૮ યોજન જાડી, ઉપરનું તળિયું સીધું સપાટ છે નીચેના તળિયે મધ્યથી ક્રમસર જાડાઈ ઘટતી છેડે માખીની પાંખ જેટલી જાડાઈ છે. તેથી આઠમના ચંદ્ર જેવો આકાર પ્રાયઃ ગણાય છે. તેની ઉપર ૩/૫/૬ ગાઉ આકાશ છે તેની ઉપર ૧/૬ ભાગમાં સિદ્ધોનાં જીવો લોકાંતે સ્પર્શ કરીને રહેલાં છે.

સિદ્ધગતિમાં દરેક સમયે જીવો જાય છે.

તે દરેક સમયે જાય તોપણ ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી જાય.

નવમે સમયે અવશ્ય આંતરું પડે એટલે કે કોઈ મોક્ષે જાય નહિ.

જઘન્યથી પહેલા સમયે મોક્ષે જાય અને બીજા સમયે આંતરું પડે એટલે કે કોઈ મોક્ષે જાય નહિ.

જઘન્યથી પહેલા સમયે મોક્ષે જાય અને બીજા સમયે આંતરું પડે.

આ આંતરું જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ માસનું છે.

૧થી ૩૨ની સંખ્યામાંથી સમયે સમયે મોક્ષે જાય તો ઉત્કૃષ્ટ ૮ સમય સુધી જ મોક્ષે જાય પછી અવશ્ય આંતરું પડે.

૩૩થી ૪૮ સુધી મોક્ષે જાય તો ૭ સમય સુધી જઈ શકે પછી અવશ્ય આંતરું પડે.

૪૯થી ૬૦ સુધી મોક્ષે જાય તો ૬ સમય સુધી જઈ શકે પછી અવશ્ય આંતરું પડે.

૬૧થી ૭૨ની સંખ્યામાંથી સમયે સમયે મોક્ષે જાયતો ૫ સમય સુધી જઈ શકે પછી અવશ્ય આંતરું પડે.

૭૩થી ૮૫સુધી મોક્ષે જાય તો ૪ સમય સુધી જઈ શકે પછી અવશ્ય આંતરું પડે.

૮૫થી ૯૬ મોક્ષે જાય તો ૩ સમય સુધી જઈ શકે પછી અવશ્ય આંતરું પડે.

૯૭થી ૧૦૨ મોક્ષે જાય તો ૨ સમય સુધી જઈ શકે પછી અવશ્ય આંતરું પડે.

૧૦૩ થી ૧૦૮ મોક્ષે જાય તો ૧ સમય સુધી જાય પછી અવશ્ય આંતરું પડે.

ઉંમરમાં જઘન્યથી ૯ વર્ષે મોક્ષે જઈ શકાય અને ઉત્કૃષ્ટથી ક્રોડ પૂર્વ વર્ષે જાય.

અવગાહના ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્યની કાયાવાળા જભન્યથી ૨ હાથની કાયાવાળા મોક્ષે જઈ શકે.

આ જીવાદિ નવતત્ત્વોને જે જીવ યથાર્યપણે જાણે છે તેને સમકિત હોય છે. પરંતુ જ્ઞાનાવરણીય આદિ કર્મોનાં ગાઢ આવરણને લઈને જે આ જ્ઞાન મેળવી શકતો નથી તેવો જીવ પણ શ્રી અરિહંત પરમાત્માઓએ કહેલાં વચનો અન્યથા ન હોય એવી અવિહડ શ્રદ્ધા ધરાવતો હોય તો તેને પણ વ્યવહારથી સમકિત હોય છે. એમ શાસ્રકાર ભગવંત કહે છે.

## મૂંઝવતા પ્રશ્નો

પ્ર. યથા પ્રવૃતિકરણ એટલે શું?

જ. યોગ્ય પ્રકારનાં આંતરિક પરિણામો જીવને થયાં કરે તે. ધર્મ આરાધના માટેની આંતરિક નિર્મળતા. વ્યાખ્યાન-શ્રવણ સમયે ઘણાને આવી નિર્મળતા હોય છે. પણ તે કાયમી નિર્મળતા નથી. ઓઘદૃષ્ટિની નિર્મળતા છે. જ્યારે યોગ દૃષ્ટિની નિર્મળતા ફક્ત શુદ્ધ ભાવથી જ મેળવી શકાય છે.

પ્ર. શુદ્ધ ભાવ સમજાવશો?

જ. ભાવના બે પ્રકાર છે. : શુદ્ધ અને અશુદ્ધ

શુદ્ધ ભાવ એટલે આત્મપરિણતિ... સ્વભાવરમણતા... જે ભેદ વિવક્ષાની સમજણ અને આચરણ દ્વારા પ્રાપ્ત થાય છે. આપણી પૃચ્છતા એ છે કે ખુદ આપણા પોતાનામાં નિત્યનિરંતર, પ્રતિપલ જે આત્મસ્વરૂપે બિરાજમાન છે... જેને લીધે શરીરનું સમગ્ર તંત્ર સુવ્યવસ્થિત કાર્ય કરે છે. તેનો અનુભવ થવા છતાં આપણે તેને જ તરછોડીએ છીએ. આ શુદ્ધ ભાવ (બાદશાહી) ત્યારે જ સિદ્ધ થાય છે કે જે સમસ્ત દુ:ખોનું મૂળ સમજી શકે. બધાં જ દુ:ખોનું મૂળ છે શરીર સાથેનું આપણું તાદાત્મ્ય. આપણી શરીર સાથેની આયડેન્ટિટી. આપણે માત્ર શરીરમય જીવીએ છીએ. જે ક્ષણે ભાવ પ્રગટ થાય. અંદર આનંદનું ઝરણું ફૂટી નીકળે અને મુક્તિનો માર્ગ મોકળો થઈ જાય... અશુદ્ધ ભાવ બે પ્રકારના છે.

(અ) શુભ ભાવ : અન્યનું ભલું ઈચ્છવું અને સુખી જોઈ રાજી થવું... દ્રવ્ય દયા, પરોપકાર, સદાચાર, સંતોષ વગેરે (પુણ્યબંધનું કારણ)

(બ) અશુભ ભાવ: કોઈનું ભૂંડું ચિંતવવું... હિંસા-જૂઠ, ચોરી, અબ્રહ્મસેવન આદિની વિચારણા (પાપબંધનું કારણ).

પ્ર. સિદ્ધ પરમાત્માઓ આપણા કર્મોમાં ફેરફાર કરી શકે?

જ. દેવતાઓ પણ નિકાચિત સિવાયના આપણા કર્મોમાં ફેરફાર કરી શકે છે. તો અનંત અચિંત્ય શક્તિવાળા સિદ્ધો આપણા કર્મોમાં ફેરફાર કેમ ન કરી શકે?... જરૂર કરી શકે પણ વીતરાગ હોવાથી તેમ કરવાનું પ્રયોજન થતું નથી...

પ્ર. શક્તિમાં ઊંચા કોણ? અરિહંતો કે સિદ્ધો?

જ. ઘણા જીવો અરિહંત પદથી પ્રભાવિત થાય છે. પણ સિદ્ધપદથી પ્રભાવિત થતા નથી... અરિહંતો કૃતકૃત્ય નથી જ્યારે સિદ્ધો કૃતકૃત્ય છે... તીર્થંકરો પણ હજુ અપૂર્ણ દશામાં છે, સહજ સાધક છે, ચાર અઘાતી કર્મો ખપાવવાના બાકી છે જ્યારે સિદ્ધ પરમાત્માઓએ આઠે કર્મ ખપાવ્યા છે અને નવે મહાશક્તિઓ પૂર્ણતાને પામી છે.

પ્ર. જૈન દર્શન માન્ય ઈશ્વર પદાર્થ વિજ્ઞાનને આશ્રયીને સઘળા સ્થૂળ પુદ્ગલોમાં ફેરફાર કરી શકે?

જ. હા... પદાર્થ વિજ્ઞાનની મર્યાદામાં રહીને જેટલા સ્થૂળ પુદ્ગલ સ્કંધો છે. તેના નવનવા પર્યાયોને બનાવી શકે. દા.ત. ટેબલને પાણી બનાવી શકે પણ સહજ શુદ્ધ નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને કારણે તેઓ આવું કૌતુક ક્યારેય કરે નહિ.

પ્ર. શ્રી મુનિસુવ્રત સ્વામી વીતરાગ હોવા છતાં પોતાના પૂર્વભવના મિત્ર - તિર્યંચ પર્યાય પામેલા ઘોડાને પ્રતિબોધ પમાડવા કેમ ગયા? શું રાગનું કારણ હતું?

જ. તેમાં ન તો પ્રભુને રાગ હતો કે ન કરુણા હતી. પરંતુ સામો જીવ જ ગુણસ્થાનકવાળો હતો. તેના પુણ્યાનુબંધી પુણ્યથી ખેંચાઈને ભગવાન ગયા છે. સાથે જ ભગવાનનું ઉપદેશ આપવાનું કર્મ ઉદયમાં આવ્યું છે. બાકી ભગવાનને કાંઈ ઉમળકો જાગ્યો ન હતો. આ રીતે બંનેના આધારે પ્રવૃત્તિ થઈ હતી.

પ્ર. વીતરાગનો ગૂઢ અર્થ શું?

જ. આત્માના શક્તિરૂપે, પ્રકૃતિરૂપે અને સ્વરૂપરૂપે અનંતા ગુણો છે. તેમાં વીતરાગ પણ એક મુખ્ય ગુણ છે. આત્માના બધા ગુણોનો ભોગવટો કરવાની શક્તિઓને પ્રાપ્ત કરવા માટેની પાત્રતા એ વીતરાગતા છે. જો વીતરાગતા ગુણ આવ્યા પહેલાં સર્વજ્ઞતા આવે તો તે જીવને મહાત્રાસદાયક બને.

પ્ર. સિદ્ધ પરમાત્માનું અવ્યાબાધ સુખ કેટલું છે?

જ. અનંત-અનંત, તેમના એક આત્મપ્રદેશે જેટલું સુખ છે તેને છૂટું પાડીને ગોઠવવામાં આવે અને બધા આકાશ પ્રદેશોને સ્પર્શે તોપણ પાછળ વધે. તે કલ્પનાથી પણ સમજાવી શકાય નહિં તેટલું હોય છે.